**સુવિચાર**

દરેકને માટે એક જ સંકેત છે. બીજાને સમજાવવા કરતાં પોતાએ વધુ સમજવું જોઈએ. ઉપદેશ કરતાં અનુભવ માનવીને વધારે ઘડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૭/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૮૧

## સમગ્ર પંથકનાં શ્રધ્ધાળુઓએ ગામ બંધ રાખીને વિરોધ વ્યકત કર્યો

# ખાંભા : હનુમાનગાળા મંદિરમાં શ્રધ્ધાળુઓની પ્રવેશબંધીને લઇને રોષ

ધારાસભ્ય જે.વી. કાકડીયા, પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરની આગેવાનીમાં માર્કેટયાર્ડમાં સંમેલન યોજાયું

વિશાળ રેલી સ્વરૂપે શ્રધ્ધાળુઓએ રોષભેર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

શ્રધ્ધાળુઓને હનુમાનગાળા મંદિરમાં રાબેતા મુજબ દર્શનની છૂટ આપવા માંગ

વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખીને આવેદનપત્ર પાઠવવામાં જોડાયા



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૧૨

ખાંભા તાલુકાનાં બાબરપરા ગામ નજીક આવેલ સુપ્રસિદ્ધ હનુમાનગાળા મંદિર આવેલું છે. જે ગુજરાતભરના લાખો શ્રદ્ધાઓનું આસ્થાનું કેન્દ્ર હોય જે મંદિરમાં વન વિભાગ અવારનવાર હેરાનગતિ કરતો હોવાના આક્ષેપ સાથે અને પુજારીએ કોઈ વ્યકિતને રાત વાસો ન કરવાનું વન વિભાગ જણાવતા જિલ્લાભરના શ્રદ્ધાળુઓ અને ભાવિ ભકતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ત્યારે ખાંભા શહેરના વેપારીઓ પણ હનુમાનગાળા

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીનું ગૌરવ : નવજીવન જનરલ હોસ્પિટલને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ બદલ એવોર્ડ એનાયત

નેશનલ હેલ્થકેર કોન્કલેવમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો



અમરેલી, તા. ૧૨

તાજેતરમાં અમદાવાદ ખાતે નેશનલ કક્ષાનો કોન્કલેવ-સેમીનાર 'નેશનલ હેલ્થકેર ઓનર કોન્કલેવ'યોજવામાં આવ્યો હતો જેમાં સમગ્ર દેશમાંથી ૧૦૦૦ કરતા વધારે હેલ્થકેર-હોસ્પિટલ સાથે સંકળાયેલ તબીબો, મેનેજમેન્ટ વગેરે એ લાભ લીધો હતો.

આ કોન્ફેરન્સમાં નેશનલ તથા ઈન્ટરનેશનલ ૬૦ કરતા વધારે હેલ્થકેર ક્ષેત્રે નિષ્ણાંત મહાનુભાવોએ હેલ્થકેર તેમજ હોસ્પિટલોમાં વધારે સારી સુવીધો મળી રહે, સસ્તી અને સારી સારવાર મળી શકે તથા ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિશ્વ સાથે આરોગ્ય ક્ષેત્રે કદમ મિલાવી શકીએ તે માટે જરૂરી તમામ માર્ગદર્શન પૂઢં આપ્યું હતું.

આ કોન્કલેવમાં આરોગ્ય ક્ષેત્રે સારી સુવિધાઓ આપનાર હોસ્પિટલોને એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં અમરેલી જીલ્લામાંથી નવજીવન જનરલ હોસ્પીટલની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ પસંદગી હોસ્પિટલ દ્વારા પોતાના વિસ્તારમાં આરોગ્ય ક્ષેત્રે આપેલ યોગદાન અનુસંધાને યોગ્ય રીવ્યુ મેળવીને કરવામાં આવી હતી.

તેમાં નવજીવન જનરલ હોસ્પિટલને શ્રેષ્ઠ અને ઉતમ આરોગ્ય સેવાઓ બદલ એવોર્ડ તથા પ્રમાણપત્ર અનાયેત કરવામાં આવ્યું હતું.આ એવોર્ડ સન્માનમાં હોસ્પીટલના સી.ઈ.ઓ ડો. દિનેશ બોરડ, એનેસ્થેટીક ડો. પંકજ ચાવડા તથા એડમીન દિલીપ કથીરિયાએ ભાગ લીધો હતો.

નવજીવન જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ છે જેમાં છેલ્લા ૧ દાયકાથી ખુબ સારી આરોગ્ય સેવાઓ મળી રહી છે. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ હોવાથી તમામ પ્રકારની સારવાર એકજ હોસ્પીટલમાં ઉપલબ્ધ છે વળી તમામ સારવાર રાહત દરે આપવામાં આવે છે અને સરકારની યોજના અંતર્ગત લગભગ તમામ પ્રકારના ઓપેરેશન પણ વિનામૂલ્યે કરવામાં આવે છે. હોસ્પીટલની સેથી મોટી ઉપલબ્ધી એ છે કે શ્રેષ્ઠ સારવાર અને ઉતમ કોર્પોરેટ કક્ષાની સુવીધાઓ આપવા છતાં પણ રાહત દરે તમામ સેવાઓ કાર્યરત છે.હોસ્પીટલમાં જનરલ મેડીસીન, ઓર્થોપેડિક, સ્ત્રીરોગ, જનરલ સર્જરી, યુરોલોજી, ડાયાલીસીસ, એક્સરે, કાર્ડીઓગ્રામ, સોનોગ્રાફી, લેબોરેટરી, મેડીકલ વગેરે તમામ સુવીધો છે.ભવિષ્યમાં પણ અમરેલી જીલ્લાના દર્દીઓને સર્વશ્રેષ્ઠ સારવાર અને આધુનિક સુવીધાઓ રાહત દરે મળી રહે તેવા તમામ પ્રયત્નો કરવા માટે હોસ્પિટલ મેનેજમેન્ટ કટિબદ્ધ છે.

## જનઆંદોલન શરૂ થતાં વન વિભાગે સત્તાવાર જાણકારી આપી

# હનુમાનગાળા આશ્રમમાં સવારથી સાંજ સુધી શ્રધ્ધાળુઓનાં પ્રવેશ પર પ્રતિબંધ નથી

## હનુમાનગાળા બંધ કરવા બાબતે કોઈ સૂચના અપાઈ નથી

અમરેલી, તા. ૧૨

"હનુમાન ગાળા બચાવ સમીતી" હનુમાન ગાળા ખાંભા ધ્વારા હનુમાનગાળા આશ્રમ બચાવ અંગે જે લડત શરૂ કરવામાં આવેલ છે જે અનવ્યે વન વિભાગ દ્વારા જણાવેલ છે કે, હનુમાનગાળાના શ્રધ્ધાળુઓ તેમજ જાહેર જનતાને જણાવવાનું કે, હનુમાન ગાળા એ એક ધાર્મિક આસ્થાનું સ્થળ છે. હનુમાન ગાળા તેમજ તેની આજુ-બાજુનો વિસ્તાર એ ગીરનો વિસ્તાર છે. જે રેવન્યુ બોર્ડરથી ૩.૫ કી.મી. અંતરીયાળમાં આવેલ છે. જેમાં સિંહ, દીપડા જેવા અન્ય વન્યપ્રાણીઓનો કાયમી વસવાટ છે. હનુમાન ગાળા સ્થળ સાથે લોકોની આસ્થા અને શ્રધ્ધા કાયમ રહે તે હેતુથી વન વિભાગ ધ્વારા દર્શનાર્થીઓને સુર્યોદયથી સુર્યાસ્થ સુધી દર્શન માટે જવા દેવામાં આવે છે તેમજ સુર્યાસ્ત બાદ કોઈ પણ દર્શનાર્થીને હનુમાનગાળા વિસ્તારમાં જવાની મંજુરી કે રાત્રી રોકાણની મંજુરી આપવામાં આવતી નથી. કારણ કે ગીર વિસ્તારનું સંરક્ષણ અને વ્યવસ્થાપન કરવુ એ વન વિભાગની પ્રાથમિક ફરજ રહેલી છે. હનુમાનગાળા દર્શન માટે જંગલમાં જતા-આવતા દર્શાનાર્થીઓની સલામતી અને વન્યપ્રાણીઓની સુરક્ષા માટે વન વિભાગ ધ્વારા સતત પ્રયત્ન કરવામાં આવી રહયા છે. હનુમાનગાળા જંગલ વિસ્તારમાં રાત્રીના અવર-જવર કરવાથી વન્યપ્રાણીઓ સાથે સંઘર્ષ થઈ શકે છે અને શ્રધ્ધાળુના જીવને જોખમ ઉભુ થઈ શકે છે. આથી જંગલ વિસ્તારમાં રાત્રીના સમયે લોકોની અવર-જવર પર પ્રતિબંધ કરવામાં આવેલ છે.

તાજેતરમાં સ્થાનિક લોકો ધ્વારા હનુમાનગાળાની ધાર્મિક જગ્યા વન વિભાગ ધ્વારા બંધ કરવામાં આવી રહી છે તેમજ હવે પછીથી કોઈ પણ દર્શનાર્થીને હનુમાનગાળા દર્શન માટે જવા દેવામાં નહી આવે તેવી જાહેરાત કરવામાં આવી છે. અને આ જાહેરાતને લઈને લોકોમાં ખુબ મોટી ગેરસમજ ઉભી થયેલી છે. જેના અનુસંધાને હનુમાન ગાળાના શ્રધ્ધાળુઓ ધ્વારા આંદોલન કરવામાંઆવી રહયુ છે. જેથી જાહેર જનતાને જણાવવા આવે છે કે, હનુમાનગાળા બંધ કરવા બાબતે કોઈ પણ પ્રકારની લેખીત કે મૌખિક નોટીસ/ સુચના કોઈ પણ વ્યકિતને વન વિભાગ ધ્વારા આપવામાં આવેલ નથી. તેમ વન વિભાગની યાદીમાં જણાવાયું છે.

## પ્રેમસંબધ લગ્નમાં પરિવર્તિત ન થતાં લીલીયાનાં પૂંજાપાદર ગામનાં યુવકે પ્રેમસંબધમાં ગળાફાંસો ખાઈ લીધો

સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧૨

લીલીયા તાલુકાનાં પૂંજાપાદર ગામે રહેતા સંજયભાઈ શંભુભાઈ ગોહીલ નામનાં ૩૫ વર્ષિય યુવકને બંસી નામની છોકરી (રહે. બોરડા, તા. તળાજા) સાથે પ્રેમ સબંધ હોય અને પોતાના લગ્ન થઈ ગયેલ હોય. જેથી આ બાબતે એકાએક લાગી આવતા તા. ૧૧ નાં બપોરનાં આશરે બે વાગ્યે પોતાના ઘરે પોતાના મેળે ગળાફાંસો ખાઈ લેતા ખાનગી વાહનમાં લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર માટે દાખલ કરતા ફરજ પરના ડોકટરે મરણ ગયેલાનું જાહેર કરેલ હતું.

## એડવોકેટ નિશિત પટેલ અને અજય પંડયાની દલીલો સફળ

# અમરેલી સિટી પો.સ્ટેનાં બનાવટી હેલ્થ પરમીટનાં ગુન્હામાં આરોપી નિર્દોષ

આરોપી દુલાભાઈ વાઘને નિર્દોષ છોડી મૂકવા હુકમ

અમરેલી, તા. ૧૨

અમરેલી સીટી પો.સ્ટે. ગુ. રજી.નં. આઈ ૬૨/૧૫ થી નોંધાયેલ ગુન્હામાં આરોપી વિરૂધ્ધ બોગસ હેલ્થ પરમીટ રજુ કર્યા અંગે ગંભીર ગુન્હો નોંધાયેલ. જે ગુન્હાનાં કામે પોલીસે ચાર્જશીટ રજુ કરતા ફોજદારી કેશ નં. - ૨૦૦૮/૧૫ થી કેશ દાખલ થયેલ. જે અંગેનો કેશ અમરેલીના ફર્સ્ટ જયુડીશ્ય મેજી. જજ સાહેબની કોર્ટમાં ચાલી જતા



આ કામના આરોપી દુલાભાઈ સાર્દુળ ભાઈ વાઘને પુરાવાના અંતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. જેમાં બચાવ પક્ષે આરોપીના એડવોકેટ તરીકે નિશિત એસ. પટેલ રોકાયેલા હતા. જેમની ધારદાર દલીલો ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. બચાવ પક્ષે નિશિત એસ. પટેલ તથા એ.પી.પંડયા રોકાયેલા હતા.

## સમગ્ર દેશમાં અવનવા કૌભાંડો અને કારનામાઓ બહાર આવી રહ્યા હોય

# ભાજપ સરકારની લોકપ્રિયતાનો ગ્રાફ સડસડાટ આવી રહ્યો છે નીચે

### બનાવટી અધિકારીથી લઈને સરકારી કચેરીઓ ઝડપાઈ રહી હોય જનતા આશ્ચર્યચકિત

### ભાજપનાં રાજમાં સ્પર્ધાત્મક કે શાળાકીય પરીક્ષાનાં પેપર સતત ફૂટતા જોવા મળી રહ્યા છે

### ભાજપ સરકાર દ્વારા મહાકાય કૌભાંડ અંગે કોઈ ખુલાશો પણ કરવામાં આવતો નથી

### સત્તાનું ઘમંડ ભાજપ સરકારને આગામી દિવસોમાં સત્તાથી દૂર કરી દે તો પણ નવાઈ નહી રહે

અમરેલી, તા. ૧૨

અમરેલીથી સમગ્ર ઈન્ડિયા સુધી શાસન ચલાવતી ભાજપ સરકારનાં રાજમાં દિ' ઉગેને અવનવા કૌભાંડો અને કારનામાઓ પ્રકાશમાં આવી રહ્યા હોય દેશની જનતામાં ભાજપની લોકપ્રિયતાનો ગ્રાફ સતત નીચે આવી રહ્યો હોય ભાજપ સરકાર ચલાવતાં નેતાઓ ઘમંડ મુકીને દેશની જનતાને સુખ, સુવિધા આપવામાં ગંભીર ન બને તો આગામી ચૂંટણીમાં ભાજપને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેવું લાગી રહ્યું છે.

અમરેલી જિલ્લામાં ૩–૪ વર્ષ પહેલા થયેલ મહાકાય રેશનિંગ કાંડ, પવનચક્કી કાંડ સહિતની અનેક કહાની પ્રકાશમાં આવી પણ કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તો રાજકોટનું અગ્નિકાંડ, સુરતનું તક્ષશિલા કાંડ, વડોદરાનું હરણીકાંડમાં પણ મોટા માથાઓનો વાળ વાંકી થતો નથી. સરકારનાં પ્રવકતા માત્ર તટસ્થ તપાસની ગુલબાંગો ફેંકી રહ્યા છે. તો સ્પર્ધાત્મકથી લઈને શૈક્ષણિક પરીક્ષાનાં પેપર ફૂટવાની હારમાળા સર્જાઈ રહી છે. મેડિકલ પ્રવેશ માટેની "નીટ"ની પરીક્ષા પણ વિવાદમાં ફસાઈ છે.

દેશભરમાં બનતા કે તાજેતરમાં બનેલ માર્ગો અને પુલો ધરાશાયી થઈ રહ્યા છે. નકલી કચેરીથી લઈને નકલી અધિકારીઓ ઝડપાઈ રહ્યા છે. દારૂ, ડ્રગ્ઝની રેલમછેલ જોવા મળી રહી છે તો મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારે હદ વટાવી છે. જનતા જનાર્દન તોબા પોકારી ચુકી હોવા છતાં પણ સત્તા પક્ષનાં આગેવાનો સબ સલામતનાં ગાણા ગાઈ રહ્યા છે.

ખાંભામાં હનુમાનગાળા આશ્રમને લઈને શરૂ થયેલ આંદોલનમાં ભાજપનાં ધારાસભ્યને પણ આવેદનપત્ર પાઠવવા જવું પડી રહ્યું છે તેટલી ગંભીર પરિસ્થિતિ જોવા મળી રહી છે.

### મિત્રો સાથે સજોડે શિશ નમાવ્યું

## અમરેલી : શીતલ કૂલ પ્રોડકટનાં દિનેશભાઈ ભુવાએ કેદારનાથ અને બદ્રીનાથ દર્શનનો લાભ લીધો

### તમામ ભકતોએ કુદરતનાં સાંનિધ્યમાં શીતલતા અનુભવી



અમરેલી, તા.૧૨

અમરેલી શીતલ કૂલ પ્રોડકટનાફાઉન્ડર દિનેશભાઈ ભુવાએ મિત્ર મંડળ તથા દંપતિ સહિત સજોડે કેદારનાથ અને બદ્રીનાથના દર્શનનો અનન્યલાભલઈધન્યતાઅનુભવીહતી. આમ, દિનેશભાઈ ભુવા, રાજેશભાઈ ઝાલા વાડીયા(વિવાહ સ્ટુડિયો) દિનેશભાઈ હિરપરા(અવધ ડેરી) ભાવેશભાઈ નાકરાણી, જતીનભાઈ સુખડીયા, દિલીપભાઈ નાકરાણી, બકુલભાઈ ભટ, કમલેશભાઈ બોઘાણી, ઘનશ્યાભાઈ શિંગાળા, જગદીશભાઈ કાકડીયાતેમજ કાજલબેન દિનેશભાઈ ભુવા, મિતલબેન રાજુભાઈ ઝાલાવાડીયા, સોનલબેન ભાવેશભાઈ નાકરાણી, શિલ્પાબેન જતીનભાઈ સુખડીયા, દક્ષાબેન બકુલભાઈ ભટ, અસ્મિતાબેન દિલીપભાઈ નાકરાણી, ચેતનાબેન રમેશભાઈ વોરા, મીનાક્ષીબેન જગદીશભાઈ કાકડીયા, કૈલાશબેન દિનેશભાઈ હિરપરા, દયાબેન નિલેશભાઈ સાવલિયા, પ્રકાશભાઈ વઘાસિયા, નીતાબેન કમલેશભાઈ બોઘાણી, બંસીબેન જીગરભાઈ હિરપરા, સિધ્ધાર્થભાઈ હિરપરા, વૃશાંકભાઈ નાકરાણી, શિવાનીબેન વોરા, લીઝાબેન નાકરાણી, વૈશાલીબેન ઘનશ્યામભાઈ શિંગાળા, મોહિતભાઈ વોરા, દંપતિ સહ ભાવ ભકિત સાથે બંને ધામના દર્શન કરીને પૂણ્યનુંભાથુ બાંધી કુશળતા સહ પરિવાર સાથે પરત અમરેલી પહોંચ્યા છે.

### આરોગ્ય, શિક્ષણ, પોલીસ વિભાગ, મામતદાર કચેરી, પીજીવીસીએલ સહિતનાં

## વડિયા વિસ્તારના પ્રશ્નોની સમીક્ષા કરી નાયબ દંડક કૌશિક વેકરિયાએ અધિકારીઓને કડક સુચનાઓ આપી

### પ્રાંત અધિકારી, નાયબ પોલીસ અધિક્ષક સહિતનાં ટોચનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના છેવાડાનાંતાલુકામંથકએવાવડિયાઅને તેના ગ્રામીણ વિસ્તારના લોકોનાં પ્રશ્ને વડિયા વિસ્તારના પ્રવાસે આવેલા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકએવાઅમરેલીનાધારાસભ્યકૌશિક વેકરીયાએ આરોગ્ય વિભાગનાં અધિકારીઓ સાથે સરકારી હોસ્પિટલમાં મિટિંગ યોજી સ્થાનિક સુવિધાઓઅનેપ્રશ્નોબાબતેચર્ચાકરી તેનાનિવારણમાટેસુચનાઓઆપીહતી આ સાથે વડિયા મામલતદાર ઓફિસ ખાતે સ્થાનિક લોકોનાં પોલીસ, મામલતદાર, આરોગ્ય, પીજીવીસીએલના પ્રશ્નો બાબતે આ વિસ્તારના અધિકારીઓ સાથે મિટિંગ યોજી પ્રશ્નોનો તાત્કાલિક નિરાકરણ લાવવા સુચનાઓ અપાઈ હતી જેમા સ્થાનિક અગ્રણીઓએ પીજીવીસીએલના પ્રશ્નો બાબતે મારો બોલાવ્યોહતોઅનેઅધિકારીનીબોલતી બંધથતીજોવામળીહતી.સ્થાનિકપ્રશ્નો બાબતે ટુંકાગાળામાં નિરાકરણ લાવવા આવિસ્તારમાંલોકદરબારનુંઆયોજન કરવાઅને તેમાં પીજીવીસીએલ, રેલ્વે, મહેસુલસહિતનાઅધિકારીનેઅગાઉથી જાણ કરી તેને હાજર રાખવા પ્રાંત અધિકારીનેસુચનાઅપાઈહતી.નાયબ મુખ્ય દંડકના હસમુખા અને સરળ સ્વભાવ સામે તેઓ અધિકારીઓ સામે લોકોનાંકામનાંપ્રશ્નબાબતેકડકવલણ અપનાવી ગમે ત્યારે અચાનક આવી ચકાસણી કરીબેદરકારીજણાશેતોકડક કાગળકાર્યવાહીકરવાનીચીમકીઆપતા નેતાજીના આકરા મિજાજથી ઉપસ્થિત તમામ અધિકારીઓ પણ સ્તબ્ધ જોવા મળ્યા હતા. હવે જોવાનું એ રહ્યું કે કડક સુચનાઓનુંપાલનઆઅધિકારીઓકરે છે કે પછી એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે તે તો આવનારો સમયજબતાવશે.આસમગ્રપ્રવાસમાં નાયબમુખ્યદંડકકૌશિકવેકરીયાસાથે પ્રાંત અધિકારી, ડીવાયએસપી, મામલતદાર, પીએસઆઈ, પીજીવીસીએલના ડેપ્યુટી ઈજનેર, આરોગ્ય વિભાગનાં અધિકારીઓ સહીત તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા, તાલુકા પંચાયત પ્રમુખ પરશોતમહિરપરા, જલ્પેશમોવલિયા, મનીષ ઢોલરીયા, જે.ડી. ગુજારીયા, તુષાર ગણાત્રા, તુષાર વેગડ, અનિરૂધ્ધ બોરીચાસહિતનાસ્થાનિકઅગ્રણીઓ જોડાયાહતા.

### ભાજપનાં નેતાની સ્પષ્ટતા

## રાજુલા : દબાણ હટાવને લઈને હિન્દુ સમાજ કોઈ ચિંતા ન કરે

### રવુભાઈ ખુમાણે સમગ્ર ચિત્ર સ્પષ્ટ કર્યુ



રાજુલા, તા. ૧૨

રાજુલા શહેરમાં ગઈ કાલે હિન્દૂસમાજદ્વારામંદિરોપાડવાનાંમુદ્દે આવેદનપત્રઆપવામાંઆવ્યુંહતુંઅને ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. તેને લઈ રાજુલાભાજપનાંવરિષ્ઠનેતારવુભાઈ ખુમાણએજણાવ્યુંહાગઈકાલેઆવેદન પત્ર દેવાયું છે એ સ્વભાવિક છે. હિન્દૂ ધર્મનીવાતઆવેએટલેલાગણીદુભાઈ મારીપણદુભાઈ પરંતુ આમુદ્દે મેંઆ વિસ્તારનાંધારાસભ્યહીરાભાઈ સોલંકી સાથે ચર્ચા વિચારણા કરી છે. હજુ સુધી આવી કોઈ વાત નથી. ઉપરાંત ધારાસભ્યસાથેસંકલનકર્યાબાદનિર્ણય લેવાતા હોય છે છતાં આવી કોઈ બાબત ધ્યાન ઉપર આવશે તો ધારાસભ્ય હીરાભાઈ સંકલન બેઠકમાં હિન્દૂ સમાજની લાગણી રજૂ કરશે. પરંતુ ધારાસભ્ય સાથે મારે ટેલિફોનિક વાત થઈ તે મુજબ કોઈ આવી વાત નથી. નગરપાલિકાઓસર્વેનીકામગીરીકરતી હોય છે. પરંતુ મંદિરો હોય કે હિન્દુની આસ્થાની વાત તેમના ધારાસભ્ય અને આરાજયનીસરકારસૌનીસાથેછેએટલે હિન્દૂ સમાજ આ જરાય ચિંતા કરવાની જરૂર નથી. તેવી મારી હિન્દૂ સમાજને અપીલ છે.

## અમરેલીનાં ચાંદગઢથી જીરા ગામ વચ્ચેનો માર્ગ બનાવો

અમરેલી, તા.૧૨

અમરેલી તાલુકાના ચાંદગઢ – જીરા ગામ માર્ગે અંદાજીત ૪ કિમી તાલુકા થી તાલુકાને જોડતા ગામનો કાચો રસ્તો આવેલ છે આ રસ્તો ચોમાસામાં વરસાદ થતાં બંધ થઈ જાય છે લોકોને ૨૦ કિમી ફરીને જવુ પડે છે.આ રસ્તો નવો મંજુર કરવામાં આવે તો પાંચ થી સાત જેટલા ગામના લોકોને ફાયદો થાય તેમ છે. આ ઉપરાંત ચાંદગઢ – ચરખા માર્ગે (અમરેલી, સાવરકુંડલા સ્ટેટ હાઈવે) અંદાજી ૩ કિમીનો માર્ગ મંજુર કરવામ્રાં આવે તેવી માર્ગ મકાન વિભાગ અથવા પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં આ નોન પ્લાન રસ્તો મંજુર કરી તાત્કાલીક જોબ નંબર ફાળવવામાં આવે તેવી માંગ છે.

### રાત્રિનાં સમયે બનાવ બન્યો

## લીલીયામોટાનાં ભેંસાણ રેલ્વે ટ્રેક ઉપર અકસ્માત થતાં પ્રૌઢનું કમકમાટીભર્યુ મોત

### વધુ તપાસ બીટ જમાદાર ચલાવી રહ્યા છે

લીલીયા, તા. ૧૨

લીલીયા રેલ્વે ટ્રેક પર એક આધેડનો અકસ્માત થયો જેમાં વાલજીભાઈ હરસિંગભાઈ તુવર ધ્વારા જાહેર બચુભાઈ જોખાભાઈ તુવેર (ઉં.વ. ૪૯) તા. ૧૨/૭/૨૪ નાં રાત્રીનાં કોઈપણ સમયે ગાગડીયા નદી પાસે રહેનાર કેમ્પથી ભેંસાણ ગામ તરફ જતાં વચ્ચે આવતા રેલ્વે ટ્રેક પર અકસ્માત થતાં લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરતા ફરજ પરના ડોકટરે મરણ ગયેલાનું જાહેર કરેલ. આ કેસની વધુ તપાસ બીટ જમાદાર એલ.એન. પઠાણ ચલાવી રહ્યા છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

## અમરેલીનાં શીતલ આઈસ્ક્રીમને ફ્રોઝન સ્નેકસની ભુતાન ખાતે નિકાસ કરવામાં આવી

### કંપનીના એમડીએ લીલીઝંડી આપી કન્ટેઈનર રવાના કર્યુ





અમરેલી, તા. ૧૨

શીતલ ફુલ પ્રોડક્ટ્સ અમરેલી ના આઈસ્ક્રીમ અને ફ્રોઝન સ્નેક્સની ભૂતાન નિકાસ કરવામાં આવી આજરોજ તારીખ ૧૨/ ૭ /૨૪ ને શુક્રવારના રોજ શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા આઈસ્ક્રીમ અને ફ્રોઝન સ્નેક્સની ભૂતાન ખાતે નિકાસ કરવામાં આવી છે. શીતલ આઈસ્ક્રીમ ખાતેથી કંપનીના એમડી હાર્દિકભાઈ ભુવા, કેવલભાઈ ભુવા અને શીતલ ટીમ દ્વારા લીલી ઝંડી આપી કન્ટેનરને રવાના કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત વેસ્ટ બેંગોલના સીલીગુડી ખાતે પણ આજે શીતલ પ્રોડક્ટસ ઉત્પાદનોની રવાનગી કરવામાં આવી છે. ભારતભરના અનેક રાજયો તેમજ અનેક દેશોમાં અમરેલીનાં શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડના ઉત્પાદનો ધૂમ મચાવી રહ્યા છે, લોકપ્રિય બની રહ્યા છે. જેનું અમરેલીને ગૌરવ છે.

### ટીંબી હોસ્પિટલનાં ટ્રસ્ટી દ્વારા

## અમરેલીનાં સાસંદ ભરત સુતરીયાનું સન્માન કરાયું

### સ્વામી નિર્દોષાનંદજીનો ગ્રંથ અર્પણ કરાયો



અમરેલી, તા. ૧૨

આજરોજ શિવમ ટાઈલ્સ હાઉસ – ઢસાગામ મુકામે અમરેલી લોકીસભાની ચૂંટણીમાં જંગી બહુમતિથી વિજેતા થનાર સાંસદ ભરતભાઈ સુતરિયાને ટીંબી હોસ્પિટલનાં ઉપપ્રમુખ / ટ્રસ્ટી બી.એલ.રાજપરા તથા કિશોરભાઈ રાજપરા અને રજનીભાઈ રાજપરા દ્વારા હોસ્પિટલનાં પ્રણેતા સદગુરૂદેવ સ્વામી નિર્દોષાનંદજી સરસ્વતીજી મહારાજનાં "જીવનચરિતામૃત ગ્રંથ", શાલ ્ષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરફેર બંધ થતી નથી

## સાવરકુંડલા : પીઠવડી–કેરાળા માર્ગ ઉપર ધાર ચોકડી પાસેથી વિદેશી દારૂની ૬૦ બોટલ ઝડપાઈ

### બે આરોપીની અટકાયત અન્ય એક આરોપીની શોધખોળ

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા રણજીતભાઈ પીઠુભાઈ ખુમાણ સહિત બે આરોપીઓએ તા. ૧૧ ના રોજ પીઠવડી–કેરાળા રોડ ધાર ગામ પાસે ચોકડી પાસે પરપ્રાતનાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની અલગ–અલગ સાઈઝની કુલ બોટલ નંગ–૬૦ કિંમત રૂપિયા ૧૫,૨૦૪ નો જથ્થો વેચાણ કરી આર્થિક ફાયદો મેળ વવાના હેતુ માટે ફોરવ્હીલ વાહનમાં હેરફેર કરી વાહન તથા મોબાઈલ ફોન નંગ–૨ મળી કુલ રૂપિયા ૩,૨૧,૨૦૪ ના મુદામાલ સાથે બે આરોપી પકડાઈ જઈ તથા મુદામાલ આરોપી કુલદીપભાઈ ચંપુભાઈ ખુમાણ (રહે. રામગઢ) પાસેથી લાવેલ હોય ત્રણેય આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## મેઘરાજાએ સવાર-સવારમાં સટાસટી બોલાવીને

# વીજપડી-મહુવા માર્ગનાં ભ્રષ્ટાચારની પોલ ખુલી

**પ્રિ-મોન્સુનની કામગીરી, માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો સહિતની પોલ ગણતરીની મિનિટોમાં ખુલી થઈ**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓનાં નિયમ મુજબ કામ થતું હોવાનાં દાવા પોકળ**

**આલીશાન કાર, બંગલામાં મહાલતા અધિકારી, બાંધકામ એજન્સી અને પદાધિકારીઓનું પાપ છાપરે ચડીને પોકારે છે**

**મુખ્યમંત્રીએ માર્ગ-મકાન વિભાગનું રીનોવેશન કરવું પડે તેવી ગંભીર સ્થિતિ**



તસ્વીર : સમીર ખોખર-વીજપડી

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૦ વર્ષથી જનતાનાં પરસેવાનાં પૈસાથી બનતાં જાહેર માર્ગો, સરકારી મકાનો બનાવવામાં બેફામપણે ભ્રષ્ટાચાર થતો હોવાનું સૌ કોઈ માની રહ્યું છે અને બાંધકામ એજન્સી, ભ્રષ્ટ અધિકારીઓ અને લાલચુ રાજકીય આગેવાનોની ત્રિપુટીનાં પાપે જિલ્લાનાં માર્ગો, પુલો અને સરકારી મકાનોની હાલત દયનીય બની છે.

દરમિયાનમાં આજે સાવરકુંડલાનાં વીજપડી ગામે આજે સાડા દસેક વાગ્યે ધીમી ધારે વરસાદ શરૂ થયેલ. ત્યારે વાવણી બાદ વરસતા વરસાદથી જગતાત ખુશખુશાલ જોવા મળેલ. પરંતુ જાણે એક હળવા ઝાપટાથી મેઘરાજા વીજપડી- મહુવા હાઈવે રોડ વડલા પાસે કરી રહ્યા છે. માર્ગ-મકાન વિભાગનાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ તેનો નમૂનો પ્રી-મોનસુનની કામગીરી ભર ચોમાસે અઠવાડિયા પહેલાં થીગડા મારી ગયા તેમાં પાણી ભરાઈ ગયા, કાંકરિ દેખાઈ, ગોઠણ ડુબ પાણી રોડ ઉપર ભરાતા વીજપડી- મહુવા હાઈવે રોડ ઉપર અકસ્માત થવાની પુરી શકયતા છે. તો જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટરો સામે સરકાર પગલાં લેશે કે ભાગ બટાઈ લીધી હશે ? તો મૌન ધારણ કરશે તેવું વાહન ચાલકો રાહદારીઓને થઈ રહ્યુ છે. તેમ સમીર ખોખરે જણાવેલ છે.

## શરેહીજનોને ઉંધા ચશ્મા પહેરાવવાનો પ્રયાસ

# લ્યો બોલો : બગસરા પાલિકાએ ૫૦ ટકા વેરો વધારો કરીને ૧૫ ટકાની રાહત આપી

**૧૫ ટકાથી વધારે રીબેટ આપવા માંગ**





તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા.૧૨

બગસરા પાલિકાદ્વારા પાણી વેરો ૬૦૦ ના ૯૦૦ કરવામાં આવ્યા સફાઈ વેરો ૧૫ ના ૧૦૦ કરવામાં આવ્યો અને લાઈટ વેરો જે હતો જ નહિ તે નવા વેરાના રૂપમાં ૫૦ અને ભૂગર્ભ ગટર નો પણ નવો વેરો તરીકે ૨૫૦ લેવા નો નિર્ણય કરવામાં આવ્યો હતો જયારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ પાલિકા દ્વારા આ વિરોધને ઘોળીને પી ગઈ પાલીકાએ કાલની બોર્ડની મિટિંગ માં નિર્ણય લીધો હતો અને લોકો ને ઊંધા ચશ્મા પહેરાવતા હોય તેમ ૧૫% રીબેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી જયારે પાલિકા દ્વારા ધારાસભ્ય અને સંસ્થાઓ ની હાજરીમાં વેરો વધારવા બાબતે એક મિટિંગ પણ બોલાવી હતી જયારે આજ દિવસે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પણ એક મીટીંગ બોલાવી હતી તેમાં પાલિકા વેરો વધારશે તો આંદોલનની ચિમકી પણ ઊચ્ચારી હતી પરંતુ પાલિકા આ વિરોધને પ્રયાને લીધા વગર ઠરાવ કરી નાખવામાં આવેલ હતો તની સાથે બીજો ઠરાવ પણ કરેલ હતો કે જે કરદાતા આવતા વર્ષે ૧ એપ્રિલ થી ૩૦ જૂન સુધીમાં વેરો ભરશે તેને ૧૫% રીબેટ આપવામાં આવશે પરંતુ શહેર ની ભોળી ભાળી જનતા ને મૂર્ખ બનાવી હોય તેવું લાગી રહેલ છે જયારે પાલિકા આ નિયત સમય મર્યાદામાં વેરો ભરે તેને પહેલેથીજ ૧૦% રિબેટ આપતી જ હતી જે ફક્ત ૫% વધારે આપવા ઠરાવ કરી લોકો ને ઉધાં ચશ્મા પહેરાવ્યા હતા જોકે આ વળતરમાં પાણી વેરાનો સમાવેશ કરવામાં આવેલ નથી જયારે આ બાબતે પાલિકા પ્રમુખ ને પૂછતા તેમણે જણાવ્યું હતુ કે વ્યવસાય વેરો ૫૦૦ હતો જે રાજય સરકાર દ્વારા વધારીને ૨૫૦૦ કરવામાં આવ્યો ત્યારે કોઈ વિરોધ થયો ના હતો જયારે પાલિકા એકાંતરા પાણી આપે છે અને શહેર માં ભૂગર્ભ ગટર કાર્યરત છે લાઈટો ૪૫૦૦ જેટલી છે તો આ તમામ નો જાળવણી ખર્ચ અંદાજે ૧ કરોડ કર્તા વધારે થાય છે જયારે લોકો ૧૦૦% વેરો ભરે તો વેરાની આવક ૧ કરોડ જેવી થાય છે જયારે પાલિકા શહેરના લોકો ને સારી સુવિધા આપવા માટે આ વેરો વધારો કરેલ છે જયારે અનેક સંસ્થાના આગેવાનો દ્વારા કહેવામાં આવેલ કે અનેક વિસ્તાર માં સફાઈ કામદારો ફરકતા પણ નથી તો અનેક વિસ્તાર માં ગટરોનું ગંદુ પાણી રોડ ઉપર ફરી વળે છે તો આવી પરિસ્થિતિ માં વેરો વધારવા નો નિર્ણય કેટલા અંશે વ્યાજબી કહેવાય.

## ખોડલધામ સમિતિ દ્વારા

# બાબરા ખાતે ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલનાં જન્મદિનની ઉજવણી

**બાળકોને બિસ્કિટનું વિતરણ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૧૨

બાબરામાં ખોડલધામનાં ટ્રસ્ટનાં ચેરમેન નરેશભાઈ પટેલની ઉજવણી કરવામાં આવી હતી. શહેર અને તાલુકા ખોડલધામનાં કન્વીનર શંભુભાઈ પાંચાણી, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, મગનભાઈ કોઠીયા. મગનભાઈ કોલડિયા. સુરેશભાઈ ભાલાળા, અનિભાઈ ટાણી, મનસુખભાઈ પલસાણા, ધર્મેશભાઈ વાવડીયા, કપિલભાઈ ચોવટિયા, ભાવેશભાઈ આસોદરિયા, જગદીશભાઈ વાવડીયા સહિતના અગ્રણીઓ દ્વારા શહેરની ૨૫ જેટલી આંગણવાડી કેન્દ્ર ખાતે ૩૦૦ જેટલા બાળકોને બિસ્કિટના પેકેટનું વિતરણ કરી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન ના જન્મ દિવસની ઉજવણી કરી મંગળ કામનાઓ કરવામાં આવી હતી.

## ગ્રાહકોનાં હિતમાં કાર્ય કરતી

# અમરેલી ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતની મહત્વની બેઠક યોજાઈ

**જિલ્લાભરમાંથી આગેવાનો ઉપસ્થિત રહ્યાં**

અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતની એક અગત્યની મીટીંગ બોલાવવામાં આવેલી. જેમાં અખિલ ભારતીય ગ્રાહક પંચાયત છેલ્લા ૫૦ વર્ષથી ગ્રાહક જાગરણ, પ્રશિક્ષણ અને સમસ્યા સમાધાનનાં ક્ષેત્રે કાર્યસ્વયંસેવિ સંસ્થા છે. અખિલ ભારતીય ગ્રાહક પંચાયતનું કાર્ય, કાર્યકર્તા અને સંગઠનાત્મક રચના દેશના પૂર્વોત્તર સિવાયનાં તમામ રાજયોના ૩૫૦થી વધુ જિલ્લા અને ૭૦૦થી વધુ તાલુકામાં સક્રિય છે. આ સરકારી એકમ કે સંસ્થા નથી. પરંતુ સરકારી ગ્રાહક યોજનાઓની સમજ અને લાભ સાચા અર્થમાં ગ્રાહકને મળે તે માટે નિસ્વાર્થ ભાવ સાથે ગ્રાહક યોદ્ધાઓ આ કાર્યમાં સમયનું યોગદાન આપે છે. જેમાં ગ્રાહકોની વ્યક્ગિત અને સમાજની આર્થિક સમસ્યાઓ, જેમાં કયાંકને કયાંક ગ્રાહક હિત જોખમાય છે. તેના સમાધાન અને નિરાકરણ માટે પ્રયત્ન કરે છે. નિઃશુલ્ક ગ્રાહક માર્ગદર્શન સેવા કેન્દ્રનાં માધ્યમથી તમામ પ્રકારની ગ્રાહકે સમસ્યા અંગે માર્ગદર્શન આપે છે. હાલમાં ગ્રાહક પંચાયત 'સુવર્ણ જયંતી વર્ષ' ઉજવી રહેલ છે. તેમના ભાગરૂપે અમરેલી મુકામે મળેલ આ મિટિંગમાં પ્રાંત સહ સંચાલક નારણભાઈ મોરડીયા, અમરેલી જિલ્લાની જવાબદારી સાંભળતા સંદીપભાઈ પાનસુરીયા, સાવરકુંડલા ગ્રાહક સુરક્ષાનાં પ્રમુખ એડવોકેટ રમેશભાઈ હિરાણી, ડો. રવિભાઈ મહેતા, સાવરકુંડલાનાં તેમજ ટ્રસ્ટોનાં સંસ્થાપક એડવોકેટ પ્રવણકુમાર જોશી, જાફરાબાદ તાલુકાનાં ગ્રાહક સુરક્ષાનાં પ્રમુખ બાલકૃષ્ણ સોલંકી હાજર રહેલ અને ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ તેમજ અમુક જગ્યાએ ખુદ વ્યાપી ભાવ નક્કી કરી અને ગ્રાહકોને જે અન્યાય થઈ રહ્યો છે. તેના વિશે ચર્ચાઓ કરવામાં આવી તેમ જ તાલુકા લેવલે અને જિલ્લા લેવલે કમિટીની રચના અંગે પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી.

























# જયાં અંત ત્યાંથી જ પ્રારંભ જાણ

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

"જયાં જયાં કોઈમહાન અંત તને દેખાય ત્યાં ત્યાં મહાન આરંભની પણ તારે ખાત્રી રાખવી. જયાં જયાં કોઈ રાક્ષસી અને દુઃખદાયક વિનાશથી તારુ મન હેબતાઈ જાય ત્યાં ત્યાં વિશાળ અને મહાન સર્જનની ખાતરી વડે તેને આશ્વાસન આપ. પ્રભુ કેવળ હદયમાં સંભળાતા શાંત અવાજમાં જનથી, પરંતુ આગમાં અને ઝંઝાવાતમાં પણ તે રહ્યો છે.

આ શબ્દો છે મહાયોગી શ્રી અરવિન્દના. એમનુ પુસ્તક " વિચાર રત્નો અને જયોતિઝાંખી" માના પૃષ્ઠ–૧૮–૨૦ પરથી લેવાયેલા છે. શ્રી અરવિંદ વિશે કહેવુ કે એની વિચારરત્ન વિશે કંઈ કહેવુ એ આ લખનારી કોઈ હેસિયત નથી. એવી હરકત માત્ર ને માત્ર સૂરજ સામે ધૂળ ઉડાડવા જેવુ છે. પણ છતાંય થોડી ધૃષ્ટતા એટલા માટે કરવાનુ સાહસ થાય છે કે મને આ વિચાર ખૂબર ગમ્યો છે. એટલે તમારી સાથે શેર કરવા ઈચ્છુ છું. બાકી એમની પાસે કે નજરમાં એક અણુ સમાન પણ નથી.

આપણે જાણીએ છીએ કે, જેનો આરંભ થાય છે. તેનો અંત થાય જ છે. બીજા અર્થમાં કહીએ તો જેનો જન્મ એનુ મૃત્યુ એક નાનકડુ બીજ અંકુરિત થાય છે. ને વર્ષોબાદ તેનો પણ નાશ થાય છે.

આ જીવનમાં પુણ્યોનો સ્ટોક વધુ થયો હોય તો સ્વર્ગમાં કે કોઈ લોકમાં સ્થાન મળે છે. પણ..પણ.... ગીતમાં કહ્યુ છે તે મુજબ ક્ષીણે પુણ્યે મૃત્યુ લોકો વિરાન્તી..પુણ્યનો **ક્ષણ** થતા ફરી જન્મ ધારણ કરવો જ પડે છે.

પણ અહિ મારી દ્રષ્ટિએ શ્રી અરવિંદ આપણને **આશ્વષ્ય** કહે છે કે જીવનમાં ગમે તેટલા ઝંઝાવાતો આવે, મુશ્કેલીઓ આવે, દુઃખનાં ડુંગર ઉગે પણ નિરાશ થયા વિના, હિંમત હાર્યા વિના જો કોઈ સુખદ ઘડીની રાહમાં આગળ વધતો રહીશ તો ચોક્કસ એના પછી સોનાનો સૂરજ ઉગવાનો જ છે. રાત્રિએ દુઃખદાયક ઝંઝાવાતોનું પ્રતીક માની મન વ્યથિત થઈ ઉઠે છે. "હવે દુઃખમાંથી કયારે ઉગરીશ, હવે તો જીવનથી કંટાળો આવે છે. આના કરતા મોત વહાલુ કરી લેવુ સારુ." આવા નિરાશાથી સભર રાત્રિને વિતવી દે. રાત્રિનાં પછી ચોક્કસ સૂર્ય–સુખ આવવાનુ જ છે. કવિ કહે છે ને?

"છે જીવનની ઘટમાળ એવી સુખ અલ્પ થકી દુઃખથી ભરેલી." સુખ માણવામાં સમય કયા વ્યતિત થઈ જાય છે. એની ખબર રહેતી નથી. પણ જયારે ગોકળગાયની ગતિથી દુઃખ પસાર થાય છે. ત્યારે નિરાશાની ગર્તામાં ડૂબી જઈ આપઘાતના વિચાર આવે છે. પણ એમ આપઘાતથી શરીરનો અંત આવે છે. પણ આપણા કર્મોનો અંત થોડો આવે છે? **ભોગવો જ છુટકો.** આપણા વડીલો પણ કહ છે, " કરમપીડા કોણ ભોગવે ? જાતે જ ભોગવવી પડે."

બીજી વાત શ્રી અરવિંદ એ પણ કહે છે કે આપણાં ઈશ્વર, ઈષ્ટદેવ માત્ર ને માત્ર શાંત સંભળાતા અવાજમાં જ નથી. પણ આગમાં, ઝંઝાવાતા પણ તે આપણી સાથે રહેલો જ છે.એટલે જ નરસિંહે ગાયુ....

અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રી હરિ,

**ઝૂઝવે રુપે અનંત ભાગે**

અહિ શ્રી અરવિંદની વિચાર રત્નમાં બે શબ્દો મહત્વના છે. એક છે આગ અને બીજો શબ્દ છે. ઝાંઝવાતા.

પ્રહલાદની ભકિતથી પિતા હિરણ્યકશિયુ હેરાન હેરાન જઈ જાય છે. તેને મારી નાંખવાના અનેક પ્રયત્નો કર્યા પણ પ્રહલાદ એમાંથી પાર ઉતરે છે. બચી જાય છે. પ્રભુ નારાયણે એને બે વખત આગમાંથી ઉગાર્યો છે. પ્રથમ હોલિકા સાથે બેઠો ત્યારે અને બીજો અગ્નિથી ધગધગતા લોખંડનાં થાંભલામાં પણ કીદીની ગરમાળા પ્રહલાદને જોવા મળેલ ને એ જ થાંભલો હિરણ્યકશિયુનો કાળ બની ગયો.

નાનકડા પાંચ વર્ષનાં ધ્રુવને પણ ઝંઝાવાતમાંથી પસાર થવુ જ પડેલનુ? અંતે એને અવિચળ રાજ મળ્યુ ધ્રુવવતારકનું.

એટલે જ શ્રી અરવિંદ કહે છે. "વિનાશ જેટલો વધારે વ્યાપક એટલી સર્જનની શકયતાઓ પણ વધારે હોય છે." પણ આપણા કાળા માથાનાં માનવીની ધીરજ એટલી ટૂંકીને અલ્પ હોય છે કે બહુ જલ્દી પડી ભાંગીએ છીએ. રાઈટબંદુઓએ આકાશમાં ઉડવાનુ સ્વપ્ન જોયેલુ ને તે આકાર પણ કર્યુ. જો મરી જવાશે, વિનાર સર્જાશે એવી વાતોથી પાછા રહી ગયા હોત તો આજે સવાલો વિમાનની સફરથી વંચીત રહી ગયા હોત.

આજે અસંખ્ય લોકોએ એવરેસ્ટ શીખર સર કર્યુ પણ જો તેનસિહે અએ સાહસ ન કર્યુ હોય તો?

કલ્પના ચાવલા આકશામાં ગઈ, ભલે એ સફળ ન થઈ પણ એવો આપણા માટે આકશમાં જવા માટેનાં દ્વાર ખોલી આપ્યા. નાનકડુ એવુ ઝરણુ પહાડનુ પેટ ફાડીને જયારે વહેવાનુ શરૂ કરે છે ત્યારે નીચે જઈશ તો મારુ શુ થશે એવો વિચાર કર્યો હોત તો દેશની કે વિશ્વની મહાનદીઓનું સર્જન થયુ હોત? બાળક જન્મ ધારણ કરતા જ મરી જવાના વિચાર કરે તો શુ થાય? એમાંથી કંઈ મહાન પુરુષ જન્મે જ નહિને ?

આપણી સ્થિતિ કેવી છે.? પેલા લોખંડના ટૂંકડાને ભઠીમાં નાંખી ગરમ કરે છે. લાલચોળ થયા પછી તેને એરબા પર મૂકી હથોડાનાં, થવાનાં ઘમા મારે છે. ને તેનો મનપસંદ લુહાર આકાર આપે છે.

બસ એજ રીતે આપણુ અપરિપકવ, અધાર મન, હદયને પરનું દુઃખ, મુશ્કેલી, ઝંઝાવાતોની આગમાં નાંખી તેના પર ઘણાનાં ઘા મારે છે કે જેથી ઈશ્વરે ધારેલ માનવાકૃતિ સર્જન થાય. એમાં જે ફરયિકયફા મોતી હોય તે ફૂટી જાય છે. ખરા મોતી નીખારી ઉઠે. આપણે કેવા મોતી બનવુ છે. એ આપણે વિચારવુ રહ્યુ.મારી અલ્પમતિ, અલ્પવિચાર અનુસાર મહાનયોગી શ્રી અરવિંદના વિચારને અંશ માત્ર પણ જો સમજી શકયો હોઉ અને ન્યાય તો ન કહી શકુ પણ એની નજીક જવાનો પુરુષાર્થ સફળ રહ્યો હોય તો હું મારી જાતને ધન્ય માનીશ.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીના શ્રી ચરણોમાં વંદન.....

# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીનો છોકરો જયારે આંતરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાઢે છે

બિઝનેસની પાક્કી સમજ અને ધગશનું સંયોજન થયુ હોય ત્યારે પ્રગતિની યાત્રાને કોણ અટકાવી શકે? મુંબઈમાં સીપ્ઝ ખાતે લક્ષ્મી જવેલ પ્રાઈવેટ લિમિટેડના નામે જવેલરી મેન્યુફેકચરિંગ યુનિટની સ્થાપના(૧૯૯૬), સીપ્ઝ ખાતે જવેલરી એકસપોર્ટ યુનિટની શરૂઆત....૧૯૯૯માં કંપનીને ડીટીસી કેટેગરીમાં ભારતના બીજા નંબરનાસૌથી મોટા એકસપોર્ટર તરીકે જેમ એન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ(જીજેઈપીસી)નો એવોર્ડ મળે છે. આ જ વર્ષે ન્યુયોર્કની ગજેરા બંધુઓની માલિકીની મિલીસ્ટાર કંપનીને પોલિશ્ડ ડાયમંડનાં બીજા નંબરના સૌથી મોટા ભારતીય ઈમ્પોર્ટર તરીકેનો એવોર્ડ મળે છે.

એવોર્ડઝની પરંપરા ચાલતી રહે. ૨૦૦૦ની સાલમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન એકસપોર્ટર્સ તરફથી પોલિશ્ડ ડાયમંડની નિકાસમાં સૌથી વધારે વૃધ્ધિ માટેનુ પારિતોષિક મળે છે.ભારતના રાષ્ટ્રપતિ સન્માન અને સિધ્ધિના પ્રતીકરૂપે આ એવોર્ડ આપતા હોય છે. ૨૦૦૧માં સતત ત્રીજી વખત જીજેઈપીસી તરફથી લક્ષ્મી ગ્રૃપને એવોર્ડ મળે છે.–ડીટીસી કેટેગરીમાં ભારતના બીજા નંબરના સૌથી મોટા ડાયમંડ એકસપોર્ટસ તરીકેનો.

'જીવનમાં મેં કયારેય નિષ્ફળતા જોઈ નથી. જે કામ હાથમાં લીધુ છે. તેને હંમેશા પુરુ કર્યુ છે. વસંત ગજેરા આમ કહે છે. ત્યારે એમના સ્વરમાં ગુમાન નહી પણ આત્મગૌર રણકે છે, ' પૂરેપૂરી મહેમનત હોય, નીતિથી ચાલતાહો અને પોઝિટિવ એટિટયુડ હોય તો કદી પાછળ ન પડીએ.'

૨૦૦૦ની સાલમાં લક્ષ્મી ગ્રૃપના ઝળહળાટમાં એક ઓર નામ ઉમેરાયુ–'સિગ્નસ'. સિગ્નસ એટલે હંસનો આકાર બનાવતુ તારાઓનુ ઝૂમખુ. અમેરિકન માર્કેટમાં આ બ્રાન્ડનેમ હેઠળ જવેલરી રેન્જ લોન્ચ થઈ. ૨૦૦૧માં લોસ એન્જલસમાં મિલીસ્ટારની ઓફિસ ખૂલી અને ૨૦૦૩માં 'સિગ્નલસ' બ્રાન્ડેડ જવેલરી ભારતના બજારમાં મુકાઈ. આ જ વર્ષે ચીનનાં ગુઆંગડોંગ પ્રોવિન્સમાં સુબેરી બ્રધર્સ સાથે જોઈન્ટ વન્ચર કરવામાં આવ્યુ. બેંગકોંકમાં જવેલરી મેન્યુફેચરિંગ યુનિટ ખોલવામાં આવ્યુ. ૨૦૦૪માં

### ભાતીગળ સૌરાષ્ટ્ર

ડિઝાઈનર જવેલરીની વધુ એક બ્રાન્ડ અમેરિકાની બજારમાં લોન્ચ થઈ. –'નૂર' ભારતમાં મુંબઈ, સુરત, અમદાવાદ, દિલ્હી અને કલકતામાં એવા શોરૂમ છે.

'લક્ષ્મી ગ્રૃપના વિકાસનો જશ મને એકલાને મળતો નથી. 'વસંત ગજેરા કહે છે, ' આ તો ટીમ વર્ક છે. મારા ભાઈઓ અને આખો પરિવાર આમા સામેલ છે. હવે આ અમારા પછીની પેઢી પણ બિઝનેસમાં જોડાવા લાગી છે.

'પુરુષ આગળ આવ્યો હોય તો એની પાછળ પત્નીનુ યોગદાન હોવાનુ જઃ વસંત ગજેરા પત્ની ચંપાના સંદર્ભમાં કહે છે, 'સફળ માણસની સ્ત્રીઓ માત્ર ટેકો નથી, ભોગ આપ્યો હોય છે.'

પોતાના અલ્પશિક્ષણનો ઉલ્લેખ વસંત ગજેરા વારંવાર કરતા રહે છે. શું એમને ઓછા ભણતરનો આફસોસ છે? 'પુરેપુરો', તેઓ નિખાલસતાથી કહે છે, 'જો કે હું આ વાતને બે રીતે જોઉ છું. જો હુ વધારે ભણ્યો હોત તો, શકય છે કે, મેં આટલા બધા જોખમ ન ઉઠાવ્યા હોત. ભણેલાગણેલા માણસો વધારે સુંવાળ બની જતો હોય છે. સામે પક્ષે, જો મારી પાસે ભણતર પણ હોત તો બિઝનેસમાં ઓર આગળ વધ્યો હોત તેવો વિચાર પણ આવે.' બણતરની આ કસર ગજેરબંધુઓએ માત્ર પોતાના સંતાનો ઉચ્ચ શિક્ષણ અપાવીને પૂરી કરી, પણ તેમણે અમરેલીમાં અફલાતુન વિદ્યાસંકુલ ઉભુ કર્યુ છે. 'મારા બાપુજી કહેતા કે માણસે પહેલા પોતાનુ ઘર જોવુ જોઈએ, પછી કટુંબનુ જોવુ જોઈએ અને પછી સમાજનું વિચારવુ જોઈએ, ' વસંતભાઈ ગજેરા કહે છે, " વતનમાં દિકરીઓ માટે પ્રાયમરી રેસિડેન્શિયલ સ્કૂલથી લઈને કોલેજ સુધીની સુવિધા ઉભી કરવા પાછળ આ જ વિચાર સમાયેલો છે.'

## પૃથ્વી સિંહ આઝાદ

પૃથ્વીસિંહ આઝાદનો જન્મ ૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૨ના રોજપટિયાલામાં લાલચુ શહેરમાં થયો હતો. પ્રાથિમક શિક્ષણ પૂર્ણ કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. તેમણે ગદરપાર્ટીમાં સ્થાપકોનું એક હોવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યુ હતુ. દેશમાં ગદર ફેલાવવાના ઈરાદે ભારત આવ્યા હતા. દરિયાકિનારે પોલીસને થાપ આપી પંજાબ પહોંચી ગયા હતા. પરંતુ ત્યાંથી પકડાઈ ગયા. લાહોરની સેન્ટર જેલમાં પૂરી તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. આજીવન કાળાપાણીની સજા સંભળાવી આંદામાન મોકલી આપવામાં આવ્યા. છ વર્ષ આંદમાનની જેલમાં વિતાવ્યા. ૧૯૨૧થી તેમને મદ્રાસની રાજામુંદ્રા જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. થોડા દિવસ પછી રાજામુંદ્રી જેલમાંથી કલકતાની જેલમાં મોકલવાનુ નક્કી થયુ. કલકતા લઈ જવાની વખતે જાજરૂ બહાજે હાથકડી સાથે ચાલુ ટ્રેનમાંથી કુદી પડયા. પકડયા. ફરીને એવી રીતે કુદી પડયા. આ વખતે પોલીસને હાથ ન આવ્યા. હાથમાં બેડી હોવા છતા માઈલો સુધી દોડીને અમરાવતી પહોંચી ગયા. એક મિત્રને ત્યાં થોડા દિવસ રોકાયા. આ પરાક્રમ પછી તેઓ આઝાદનુ બિરૂદ પામ્યા. ત્યાંથી ગુપ્તવાસ ગાળવા સૌરાષ્ટ્ર તરફ ચાલી નીકળ્યા. ભાવગનરમાં ૬ વર્ષ સુધી વ્યાયામશાળ ચલાવીને



અનેક શિષ્યો તૈયાર કર્યા. પોલીસ હજુ એમને શોધતી ફરતી હતી. આ છ વર્ષના ગાળામાં ઘણી બધી રાજકીય




ઘટનાઓ બની ચૂકી હતી. લાહોર ષડયંત્રના કેસ હેઠળ મોટા ભાગના ક્રાંતિકારીઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. મંદ પડી ગયેલી ક્રાંતિકારી ચળવળમાં પુનઃચેતના લાવવા ભગતસિંહે અકે સાથીદારને સૌરાષ્ટ્ર મોકલી પૃથ્વીસિંહને પંજાબ આવીને ક્રાંતિકારી ચળવળનુ નેતુત્વ સંભાળવા કહેવડાવ્યુ. પૃથ્વીસિંહ પાછા પંજાબ આવ્યા. અહી બે આઝાદ–પૃથ્વીસિંહ અને ચંદ્રશેખરનુ મિલન થયુ. ત્યાંથી મુંબઈ ગયા. દુર્ગાભાભી સાથે મળી મુંબઈના પોલીસથાળા પર ગોળ બાર કર્યો. ધરપકડથી બચવા અફઘાનિસ્તાન ભણી ગયા. વર્ષો સુધી અફઘાનિસ્તાન અને રશિયામાં રહ્યાં. ન ખાવાનું ઠેકાણુ કે રહેવાનુ ઠેકાણુ. બીમાર પડયે સારવાર કરનાર પણ કોઈ જ નહિ. દરરોજની રઝળપાટથી કંટાયેલા તેઓ વર્ધા ગાંધીજી પાસે જઈ ચડયા. ગાંધીજીને અથેતિ આપવીતી સંભળાવી. એમને ભટકતુ જીવન ગાળવા કરતા પોલીસને હવાલે થઈ જવાની સલાહ આપી. બાપુની આ વાત માનીને એમણે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધુ. સમર્પણ બાદ તેમને રાવલપીંડીની જેલમાં રાખવામાં આવ્યા. ૧૯૩૯માં તેમને જેલમાંથી મુકિત મળી. એ પછી ભારત સ્વતંત્ર થતા એ પાછા ભાવનગર આવતા રહ્યાં. પુનઃ વ્યાયામશાળાની પ્રવૃતિ ચાલુ કરી. ભારત સરકો તેમને પદ્મભૂષણથી સન્માનિત પણ કર્યા. આમ જીવન વ્યતીત કરીને પાંચમી માર્ચ, ૧૯૮૯ના રોજ તેમનુ અવસાન થયુ. તેમના માનમાં ભાવનગરમાં તેમની તકતી અને બાવલુ પણ મુકવામાં આવ્યા છે.**જો દેશવાસી દેશનુ ગૌરવ ન કરે તો એ દેશ એ દેશ અને એ સમાજ કદી કલ્યાણ સાધી શકે નહિ.**


## ઈગ્લિશ માધ્યમ કે ગુજરાતી માધ્યમ ?

### શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

મુઝાંવતા નવા પ્રશ્નોમાં છેલ્લા પચીસ વર્ષથી માધ્યમ સમસ્યા ચર્ચાને ચકડોળ ચડી છે અને એમાં લગભગ શિક્ષણવિદો પોતાનો અભિપ્રાય આપી ચૂકયા છે, જેનો પ્રમુખસ્વ એવો છે કે બાળકને માતૃભાષામાં શિક્ષણ આપવુ જઈએ. પરંતુ એક સ્વતંત્ર ભાષા તરીકે ઈગ્લિશ પનરુ તેનુ પ્રભુત્વ કેળવવુ જોઈએ. તમે જોઈ શકો છો કે અંગ્રેજી એ તો કોઈ ભાષાનુ નામ છે જ નહિ, ભાષા ઈગ્લિશ છે. છતા એને આપણે અંગ્રેજી કહીએ છીએ! આપણી પ્રજામાં પહેલેથી જ ભાષા પ્રીતિ કંઈક આછી છે. આપણને વેપારી પ્રજા તરીકે ઓળખનારી દુનિયાનો અનુભવ છે કે ગુજરાતીનો ખૂબ હિન્દી, ગુજરાતી, ઈગ્લિશની વધારેલી ખીચડી જગતને પીરસે છે. આજે તો સમુહ માધ્યમોને કારણે પરિસ્થિતિએ થઈ છે કે અંગ્રેજી હિન્દી શબ્દો વિનાનુ શુધ્ધ ગુજરાતી બોલનારા ભાષકોની સંખ્યા પણ ઝડપથી ઘટતી જાય છે. ઈગ્લિશ એ આપણી સંસ્કૃત જેવી એક મહાભાષા છે. સંસારનુ અદભુત જ્ઞાન એ ભાષામાં અભિવ્યકિત પામેલુ છે. તેને આત્મસાત કર્યા વિના પૃથ્વી પરથી વિદાય થઈએ તો ધક્કો થયો ગણાય, પરંતુ શિક્ષણ તો માતૃભાષા દ્વારાઆપો તો જ બાળકની પ્રતિભા પૂર્ણ રીતે વિકસે છે.

## ઉંદર સુધરી ગયો




પશાભાઈને એક વાડી હતી. તેમાં એક કૂવો હતો. કૂવામાં એક ભોળુ કબૂતર અને એક લુચ્ચો ઉંદર રહેતો હતો. કબૂતર વાડીમાં પાકનાં નીચા પડેલા દાણા જ ખાતુ, જયારે ઉંદર પાકને ખોટી રીને નુકસાન કરતો. જરૂર ન હોય તો પણ તે પાકનાં મુળ ને કોતરતો.

કબૂતર ઉંદરને



સમજાવતા કહે કે, "વાડીના માલીકને ખોટી રીતે નુકસાન ન કરાય. પણ માને તે બીજા!"

પશાભાઈની વાડીમાં થોડાક ચંદનના વૃક્ષો પણ હતા. ઉંદર ખોટી રીતે ચંદનનાં વૃક્ષોને કોતરતો રહતો. આથી કબૂતર કહે કે, 'ચંદન ખૂબ કિંમતી હોય છે, તેને ખોટી રીતે ન કોતરાય. આપણા માલિકને કેટલુ બધુ નુકસાન થાય?" જવાબમાં ઉંદર કહે કે, "મારે મારા બચ્ચા માટે ચંદનના લાકડાનુ ઘર બનાવુ છે. માટે થોડા થોડા લાકડા કોતરીને લઈ જાઉ છું."


કબૂતરની વાતને ધ્યાનમાં ન લઈ ઉંદરે ચંદનના વૃક્ષના લાકડાનુ પોતાના બચ્ચાં માટે ઘર બનાવ્યુ. ચંદનના લાકડાના ઘરમાં તે પોતાના બચ્ચા સાથે આરામથી રહેવા લાગ્યો.

એક વખત ઉંદર બહાર ગયો હતો. ચંદનનાં લાકડાની સુગંધ આવવાથી સાપ સૂંઘતો સૂંઘતો ઉંદરના ઘરમાં પ્રવેશ કરે છે. અને ઉંદરના બધા બચ્ચા ખાઈ જાય છે.

ઘરે પાછો આવી ઉંદર આ વાત જાણે છે ત્યારે તેને ખુબ જ પસ્તાવો થાય છે.

કબૂતરને કહે છે કે, " તારી વાત સાચી. મેં આજ દિન સુધી વાડીને ખૂબ જ નુકસાન કર્યુ છે. તેનો બદલો મને મળી ગયો. હવે હું કયારેય ખોટી રીતે પાકને નુકસાન નહિ કરુ."

**બાલમિત્રો,**



વર્ષા પૂર્વે કોઈએ અવકાશમાં ઉડવાની શરૂઆત ન કરી હોત, દરિયામાં તરવાની કે મુસાફરી શરૂઆત ન કરી હોત, એવરેસ્ટ શિખર સર ન કર્યૃ હોત, કોઈએ અવકાશમાં જવાની પ્રારંભ ન કર્યો હોત, કોઈએ ભણવાનો પ્રારંભ કર્યો ન હોત, કોઈએ ગોળ ચક્ર બનાવ્યુ ન હોત તો આ જગત કયો હોત? એની કલ્પના કયારેય કરી છે ! નહિ ને! તો કરજો. આપણે તો એ બહાદુર, હિંમતવાળા, શૂરવીર, ભાઈ–બહેનોનો આભાર માનવો જોઈએ કે પોતાના જીવના જોખમે આપણે માર્ગ સરળ કરી આપ્યોછે.

મહાન માણસો જીવનમાં મુશીબતોથી હારી ગયા હોય તો આપણે કોઈ મહામાનવીની કલ્પના પણ ન કરી શકાય હોત શું એમના જીવનમાં મુશ્કેલ,દુઃખી, ઝુંઝાવાતો નહિ આવ્યા હોય? આવ્યાજ હોય, પણ એમણે એમના હિંમતથી, દઢતાથી સામનો કર્યો ને સફળ થયા. બસ, બાળમિત્રો આપણે પણ આપણા મહાન પૂર્વજોનો આદર્શ સ્વીકારી આમ વધવાનુ છે ? વધીશુ ને? શાબાશ.

## દલો તરવાડી

એક હતો તરવાડી. એનુ નમ હતુ દલો. દલા તરવાડીની વહુને રીંગણા બહુ ભાવે. એક દિવસ દલા તલવાડીની વહુએ દલા તરવાડીને કહ્યુ – તરવાડી રે તરવાડી !

તરવાડી કહે – શુ કહો છો ભટીણી?

ભટાણી કહે – રીંગણા ખાવાનુ મન થયુ છે. રીંગણા લાવો ને, રીંગણા ?

તરવાડી કહે – ઠીક.

તરવાડી તો પછી હાથમાં ખોખરી લાકડી લઈ ઠચુક ઠચુક ચાલ્યા.નદીકાંઠે એક વાડી હતી. ત્યાં ગયા, પણ વાડીએ કોઈ ન હતુ. તરવાડીએ વિચાર કર્યો કે હવે કરવુ શુ? વાડીનો ધણી અહી નથી અને રીંગણા કોની પાસેથી લેવા? છેવટે તરવાડી કહે– વાડીનો ધણી નથી તો વાડી તો છે ને! ચાલો, વાડીને જ પૂછીએ.

દલો કહે – વાડી રે બાઈ, વાડી!

વાડી ન બોલી એટલે પોતે જ કહ્યુ – શુ કહો છો, દલા તરવાડી?

દલો કહે – રીંગણા લઉ બે–ચાર? ફરી વાડી ન બોલી. એટલે વાડીને બદલે દલો કહે...લે ને દસ–બાર! દલા તરવાડીએ રીંગણા લીધા ને ઘેર જઈ તરવાડી તથા ભટાણીએ ઓળો કરી ખાધો.

ભટાણીને રીંગણાનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ વાડીએ આવે ને ચોરી કરે, વાડીમાં રીંગણા ઓછા થવા લાગ્યા. વાડીના ધણીએ વિચાર કર્યો કે જરૂરકોઈ ચોર હોવો જોઈએ, તેને પકડવો જોઈએ.એક દિવસ સાંજે વાડીના માલિક ઝાડ પાછળ સંતાઈને ઉભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યો અને બોલ્યા–વાડી રે બાલ, વાડી! વાડીને બદલે દલો કહે–શુ કહો છો, દલા તરવાડી ! દલો કહે –રીંગણા લઉ બે –ચાર?

અને વાડીને બદલે વળી દલો કહે– લે ને દસ–બાર!દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણા લીધા અને જયા ચાલતા જાય છે ત્યાં તો વાડીનો ધણી ઝાડ પાછળ થી નીકળ્યો ને કહે– ઉભો રહે, ડોસા! રીંગણા કોને પૂછીને લીધા?

દલો કહે– કોને પૂછીને કેમ? આ વાડીને પૂછીને લીધા.

માલિક કહે – પણ વાડી કાંઈ બોલે?

દલો કહે–વાડી નથી બોલતી પણ હુ બોલ્યો છુ ના?

માલિક ઘણો ગુસ્સો થયો અને દલા તરવાડીને બાવડે ઝાલી એક કુવા પાસે લઈ ગયો. દલા તરવાડીને કેડે એક દોરડુ બાંધી તેને કૂવમાં ઉતાર્યો. પછી માલિક જેનુ નામ વશરામ ભૂવો હતુ તે બોલ્યો–કુવા રે ભાઈ, કુવા!

કુવાએ બદલે વશરામ કહે– શુ કહો છો વશરામ ભુવા?

વશરામ કહે–ડબકા ખવરાવુ બે–ચાર?

કુવાને બદલે વળી વશરામ બોલ્યો– ખવરામવ ભાઈ! દસ–બાર.

દલા તરવાડીના નાકમાં અને મોંમા પાણી પેસી ગયુ. તેથી દલો તરવાડ બહુ કરગરીને કહેવા લાગ્યો. ભાઈસ'બ! છોડી દે. હવે કોઈ દિવસ ચોરી નહિ કરુ. આજ એક વાર જીવતો જવા દે, તારી ગાય છું.!

પછી તરવાડીને બહાર કાઢયા ને જવા દીધા. તરવાડી ફરી વાર ચોરી કરવી ભૂલી ગયા ને ભટાણીને રીંગણાનો સ્વાદ સુકાઈ ગયો.

## બાલકથાઓ

ગિજુભાઈ બધેકા(બાલસાહિત્યના બ્રહ્મા)



## વાર્તા : મારો પ્રવાસ

કાચાસર અમને બધાને પ્રવાસમાં લઈ ગયા હતા. પ્રવાસમાં બહુ મજા આવી. પ્રવાર જોરદાર હતો. પ્રવાસમાં અમને કાચાસર ખોડીયારમાંના મંદિરે લઈ ગયાં હતાં. ત્યાં સાઈકલ લઈને જવાનું હતું. ઐમાં નિયમ પ્રમાણે જ સાઈકલ હકાલવાની એક ટૂકડીનો એક મોનીટર બધાને જ મજા આવી. અમને બધાને એક મોટી ફેકટરી %વા લઈ ગયા હતાં. ઈ ફેકટરી બહુ જ મોટી હતી. પ્રવાસમાં અમે બોટલ, મેપડી, રમવાના સાધનોએ બધુજ લઈ ગયા હતાં.

ત્યાં અમને કાચાસરે ફુટબોલ પણ રમાડયો. અમને રસ્તામાં ડેમ પણ જોવા મળ્યો. અમે ખોડીયારમાંના મંદિરે હતાં. ત્યારે અમે બધાને ખોડીયારમાનાં દર્શન કરવા હતાં આ પ્રવાસ મને બહુ ગમ્યો.

કાચારસ આ પ્રવાસ મને બહુ ગમ્યો હતો.

**નામ : મકવાણા હરર્ષિલ વિજયભાઈ**
**ધોરણ : ૫બી**

# લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)નો શપથગ્રહણ સમારોહ યોજાયો











અમરેલીમાં લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નો લાયન વર્ષ ૨૦૨૪–૨૫ નો શપથ ગ્રહણ સમારોહ યોજાયો. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૪ – ૨૫ના નવા વરાયેલ પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ તા. ૭/૭/૨૦૨૪ ના રવિવારે યોજાયેલ હતો. ધ્વજવંદના લાયન અશ્વિનભાઈ ડોડીયા અને સ્વાગત ઉદબોધન લાયન કિશોરભાઈ શિરોયા દ્વારા થયા બાદ ખેસ તેમજ મોમેન્ટો આપી માનવંતા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડ્રીસ્ટ્રીકટ – ૩૨૩૨–જે દ્વીતીય ડ્રીસ્ટ્રીકટ વાઈસ ગર્વનર લાયન ડો. હાર્દિક મહેતાએ દિપ પ્રાગટય કરી નવનિયુકત ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. લાયન વર્ષ ૨૦૨૩–૨૪નો સેવાકીય એહવાલ લાયન ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા રજૂ કરવામાં આવેલ હતો. લાયન વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન થયેલ લાયન્સ કલબની વિશિષ્ટ માનવતાવાદી સેવાકીય કામગીરીમાં સતત સહયોગ આપવા બદલ મહેશભાઈ બારેવાડીયા બાલમુકુંદ જવેલર્સના નિતીનભાઈ રાજપરા, સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ભુરખીયા હજીમાનજી મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ સાહેબ વતી વિશાલભાઈ વ્યાસનું સવિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડ્રીસ્ટ્રીકટ ૩૨૩૨–જેના દ્વીતીય વાઈસ ગર્વનર લાયન શપથગ્રહણ અધિકારીનો પરિચય લાયન પ્રા. પરેશભાઈ કાનપરીયા દ્વારા આપવામાં આવ્યો હતો. ડ્રીસ્ટ્રીકટ ગર્વનર લાયન હાર્દિક મહેતાએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૪–૨૫ નવા વરાએલા પદાધિકારીઓમાં પ્રેસસીડેન્ટ લાયન મનોજભાઈ કાનાણી, સેક્રેટરી લાયન ભદ્રેસિંહ પરમાર અને લાયન વિનોદભાઈ આદ્રોજા, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ કેબીનેટના સભ્યઓને સંગીતના સથવારે આગવી શૈલીમાં હોદાના શપથ લેવડાવી તેમની જવાબદારીઓથી વાકેફ કરાએલ હતા. સમારોહના માનવંતા મહેમાનોમાં લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલ ડ્રીસ્ટ્રીકટ ૩૨૩૨ જેના રીઝીયન ચેરમેન લાયન કાંતીભાઈ વઘાસીયા, લાયન પરેશભાઈ કાનપરીયા, લાયન ઝોન ચેરપર્સન કમલભાઈ સોલાર, લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)ના પ્રમુખ લાયન વિજયભાઈ વસાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી (મેઈન) પ્રમુખ લાયન રમેશભાઈ વિઠલાણી, પરિવર્તન ટ્રસ્ટ પ્રમુખ શરદભાઈ ધાનાણીએ નવનિયુકત ટીમને શુભેચ્છા પાઠવી વધુમાં વધુ માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિઓને સમાજના નિમ્નવર્ગ સુધી પહોંચાડવા અપીલ કરી હતી અને લાયન્સ પરિવારની નિઃસ્વાર્થ સેવા પરાયણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના નવા વરાએલ પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણીએ આગામી વર્ષની સેવાકીય પ્રવૃત્તિઓને વેગ સંપન્તતા બક્ષતી કલબની પરંપરાને સતત આગળ ધપાવશે તેવી મનોકામના વ્યકત કરી વ્યાપાર તેમજ સમાજની સાથોસાથ લાયનવાદના ઉદેશો અને ધ્યેયને પાર પાડવામાં દરેક લાયન્સ મિત્રોને વર્ષ દરમિયાન ઓછામાં ઓછો એક સેવાકીય પ્રોજેકટ આપી લાયનવાદની જયોતને વધુ વધુ પ્રજજવલીત કરી સમાજના તમામ સ્તરને ઉપયોગી થવા અપીલ કરી હતી. આભાર દર્શન લાયન સાહસભાઈ ઉપાધ્યાય અને સભા સંચાલન લાયન શરદભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન પરેશભાઈ કાનપરીયા, લા. જયેશભાઈ પંડયા, લા. મહેશભાઈ પટેલ, લા.પરેશભાઈ આચાર્ય લા. જીતુભાઈ ડેર, રાજેશભાઈ માંગરોળીયા, લા. ભગવાનભાઈ કાબરીયા, લા. બિમલભાઈ રામદેવપુત્રા, લા. નરોતમભાઈ સાકરીયા, લા. નરેશભાઈ જોગાણી, લા. નીતીનભાઈ રાજપરા, લા. ડો. વિરલભાઈ ગોયાણી, લા. રમેશભાઈ ગોલ, લા. રીધેશભાઈ નાકરાણી, લા. ડો. તુષારભાઈ બોરાણીયા, લા. વિનોદભાઈ આદ્રોજા, લા. રમેશભાઈ કાથરોટીયા, લા. અશ્વિનભાઈ સંપટ, લા. કૌશિકભાઈ ટાંક, લા. નૈનેશભાઈ સિંધવડ, લા. નિલેશભાઈ દેસાઈ, ડો. ભાર્ગવભાઈ ભંડેરી વગેરેએ જહેમત ઉઠાવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી ભદ્રેશસિંહ પરમારની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા નજીક આવેલ

# અમૃતવેલ ગામે ગાળો બોલવા બાબતે મારામારી

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામેરહેતા કનુભાઈ ભુરાભાઈ ખુમાણ નામનાં આરોપીએ તે જ ગામે રહેતા પ્રતાપભાઈ લખુભાઈ ખુમાણ નામનાં ખેડુતના ભાઈનું નામ લઈને તા. ૧૧નાબપોરે ૧ઃ૩૦વાગ્યાનાઅરસામાં અમૃતવેલ ગામના પાદરમાં ગાળો બોલતો હોય. જેથી ખેડૂતે આરોપીને ગાળો બોલવાની ના પાડતા આરોપીએ ખેડૂતને માથામાં લોખંડના પાઈપ મારી મુંઢ ઈજા કરી તથા કપાળે છરી મારી ઈજા કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૨૫ | ૧૧૯૪ |
| ૨ | શિંગ મોટી | ૧૧૩૬ | ૧૨૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૯૦ | ૨૬૪૫ |
| ૬ | તલ કાળા | ૩૦૫૧ | ૩૨૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૨૧ | ૩૫૨૦ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૬૬ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૬૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૫ | ૫૮૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૪ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૩૩૬ |
| ૧૩ | તુવેર | ૧૧૮૦ | ૨૨૦૦ |
| ૧૪ | કપાસ | ૯૩૯ | ૧૫૮૮ |
| ૧૫ | એરંડા | ૧૧૨૮ | ૧૧૬૦ |
| ૧૬ | જીરૂ | ૪૭૩૦ | ૫૨૭૫ |
| ૧૭ | રાયડો | ૭૦૦ | ૯૭૬ |
| ૧૮ | ગમ ગુવાર | ૯૭૯ | ૯૭૯ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૧૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## હનુમાનગાળા મંદિરમાં

મંદિરના સમર્થનમાં આવ્યા હતા અને સ્વયંભુ બપોર સુધી ખાંભા શહેર સજજડ બંધ રહ્યું હતું. ખાંભા તાલુકાના નજીકમાં આવેલ મધ્યગીર જંગલમાં હનુમાનગાળા મંદિર આવેલ છે જે આસ્થાનું કેન્દ્ર હોય. ત્યારે વન વિભાગ દ્વારા આ મંદિરમાં પૂજારી અને કોઈપણ વ્યકિતએ રાતવાસો કરવાનો નથી, મંદિર ખાલી કરવા નુ છે તેવી વન વિભાગે મૌખિક સૂચના આપતા ભાવિ ભકતો અને લાખો શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી વ્યાપી ગઈ હતી. ત્યારે ખાંભા માર્કેટિંગ યાર્ડ ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ એકતા થયા હતા અને વન વિભાગ સામે રોષ વ્યકત કર્યો હતો. ત્યારે ખાંભા માર્કેટિંગ યાર્ડથી મામલતદાર કચેરીએ રેલી સ્વરૂપે પહોંચ્યા હતા તેમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર તેમજ ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સરપંચો સહિત જય જય શ્રી રામના નારા સાથે ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવું હતું. અને બચાવ સમિતિ તેમજ રાજકીય, બિન રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકોએ આવેદન પાઠવ્યું હતુ અને તાત્કાલિક અસરથી પગલા લેવાની માંગ કરી હતી અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેને લઈને પોલીસ વિભાગ દ્વારા ચુસ્તપણે બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૦ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૮ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૪૧ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૫૨૭૨ |
| ૭ | કપાસ | ૧૨૨૫ | ૧૫૫૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૭ |
| ૧૦ | બાજરો | ૪૨૦ | – |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૮૫૬ |
| ૧૨ | મગ | ૧૪૫૦ | ૧૫૯૧ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૬૮ |
| ૧૫ | સોયાબીન | ૮૨૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં બાળ હનુમાન મંદિર ખાતે

પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા અમરેલી અને ભાવનગર જિલ્લા ખાતે આયોજિત બેઠકમાં ભાગ લેશે. અમરેલી જિલ્લાની બેઠક સવારે ૧૦ઃ૦૦ વાગે કેરિયારોડ બાયપાસ પાસે આવેલા મુક્તિધામ સામે બાળ હનુમાન ખાતે આયોજીત કરવામાં આવી છે. અને સાંજે ૫ઃ૦૦ વાગે ભાવનગરના સર્કિટ હાઉસ ખાતે ભાવનગર જિલ્લાની બેઠક યોજવામાં આવી છે.

ભાવનગર ખાતે આયોજિત બેઠકમાં કાર્યકારી અધ્યક્ષ રાજુભાઈ સોલંકી, પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી, પ્રદેશ ઉપાધ્યક્ષ ગિરધરભાઈ પંડ્યા, શહેર પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, જિલ્લા કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ ડોમાડિયા સહિત સ્થાનિક હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ હાજર રહેશે. અમરેલી ખાતેની બેઠકમાં અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા સહિત સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ બંને બેઠક દરમીયાન જીલ્લા સંગઠનને અને બુથ સંગઠનને મજબુત કરવા માટેની ચર્ચા કરવામાં આવશે, જરૂરી નિર્ણયો લેવામાં આવશે અને જઢરી જવાબદારીઓ નક્કી કરવામાં આવશે. આ સિવાય જીલ્લાના સ્થાનિક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે અને આ પ્રશ્નોના સમાધાન માટે રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૧૬૧ | ૧૨૫૨ |
| ૩ | મગ | ૧૫૦૦ | ૧૫૪૧ |
| ૪ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૩૩ | ૫૪૭ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૧ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૩ |
| ૮ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | જુવાર | ૪૧૧ | ૮૧૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૩૦ | ૧૬૦૦ |
| ૧૨ | શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૧૩ | મગફળી | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | તલ કાળા | ૨૦૦૦ | ૨૩૩૦ |
| ૧૫ | લસણ | ૧૪૦૫ | ૧૪૦૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૬ | ૧૫૬૪ |
| ૨ | મગફળી | ૧૦૮૨ | ૧૧૪૮ |
| ૩ | જીરૂ | ૪૭૯૫ | ૪૯૨૫ |
| ૪ | ઘઉં | ૪૯૦ | ૫૪૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૭૦ | ૨૫૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૨ | જુવાર સફેદ | ૭૯૧ | ૭૯૧ |
| ૩ | બાજરો | ૪૧૨ | ૪૧૨ |
| ૪ | તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૫ | શીંગ દાણા | ૧૬૬૧ | ૧૬૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૧ | ૧૦૪૮ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૫૧ | ૨૭૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૫ | બાજરો | ૪૪૮ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૩ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૫૪૨ | ૫૪૨ |
| ૯ | તુવેર | ૨૧૪૧ | ૨૧૪૧ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ૧૨ | જીરૂ | ૪૮૦૧ | ૪૮૦૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૧ | ૧૬૮૦ |

### કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કરી દીધું

# ઈમરજન્સીની યાદમાં ૨૫ જૂને બંધારણ હત્યા દિવસ ઉજવવામાં આવશે

## ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ દેશ પર ઈમરજન્સી થોપીને આપણા લોકતંત્રના આત્માનું ગળું દબાવી દીધું હતું : અમિત શાહ

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રની મોદી સરકારે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કર્યો છે. તેને લઈને કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. હકીકતમાં જોઈએ તો, ૨૫ જૂન ૧૯૭૫ના તત્કાલિન ઈંદિરા ગાંધી સરકારે દેશમાં ઈમરજન્સી ઘોષિત કરી હતી. હવે તેને ધ્યાને રાખતા મોદી સરકારે કોંગ્રેસને ઘેરવા માટે એક દિવસને સંવિધાન હત્યા દિવસ ઘોષિત કરી દીધો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક્સ પર તેના વિશે જાણકારી આપી છે. તેમણે પોસ્ટ કરી છે કે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ તાનાશાહી માનસિકતાનો પરિચય આપતા દેશ પર ઈમરજન્સી થોપીને આપણા લોકતંત્રના આત્માનું ગળું દબાવી દીધું હતું. લાખો લોકોને કોઈ પણ ભૂલ વિના જેલમાં નાખી દીધા હતા અને મીડિયોનો અવાજ દબાવી દીધો હતો. ભારત સરકારે દર વર્ષે ૨૫ જૂને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. આ દિવસે એ તમામ લોકોના મહાન યોગદાનને યાદ કરશે, જેમણે ૧૯૭૫ની ઈમરજન્સીના અમાનવીય દર્દને સહન કર્યું હતું.

અમિત શાહે આગળ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા આ નિર્ણયનો ઉદ્દેશ્ય એ લાખો લોકોન સંઘર્ષનું સન્માન કરવાનો છે, જેમણે તાનાશાહી સરકારની અસંખ્ય યાતનાઓ તથા ઉત્પીડનનો સામનો કરવા છતાં લોકતંત્રને પુનર્જીવિત કરવા માટે સંઘર્ષ કર્યો. સંવિધાન હત્યા દિવસ દરેક ભારતીયની અંદર લોકતંત્રની રક્ષા અને વ્યક્તિગત સ્વતંત્રતાની અમર જ્યોતિને જીવિત રાખવાનું કામ કરશે, જેથી કોંગ્રેસ જેવી કોઈ પણ તાનાશાહી માનસિકતા ભવિષ્યમાં તેની પુનરાવૃતિ ન કરી શકે.

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રપતિને રાષ્ટ્રીય ઈમરજન્સી ઘોષિત કરવાનો અધિકાર છે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતાવાળા મંત્રીમંડળની લેખિત ભલામણ પર ઈમરજન્સી જાહેર કરી શકાય છે. તે અંતર્ગત નાગરિકોને તમામ મૌલિક અધિકાર બાધિત થઈ જાય છે. જ્યારે સંપૂર્મ દેશ અથવા કોઈ રાજ્ય પર અકાળ, બાહરી દેશોના આક્રમણ અથવા આંતરિક પ્રશાસનિક અવ્યવસ્થા અથવા અસ્થિરતા વગેરે જેવી સ્થિતિ ઊભી થાય, તે સમયે આ વિસ્તારના તમામ રાજનૈતિક અને પ્રશાસનિક શક્તિઓ રાષ્ટ્રપતિના હાથમાં જતી રહે છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ વાર ઈમરજન્સી લાગૂ ચુકી છે. તેમાં વર્ષ ૧૯૬૨, ૧૯૭૧ તથા ૧૯૭૫માં અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રીય ઈમરજન્સી લગાવી હતી. જણાવી દઈએ કે ૧૯૭૫માં કટોકટી લાગુ કરવાની જાહેરાત અલાહાબાદ હાઈકોર્ટના એક ચુકાદા બાદ આવી હતી. હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીના ચૂંટણીને પડકારતી અરજી પર ૧૨ જૂન ૧૯૭૫ના રોજ ચુકાદો સંભળાવ્યો હતો. હાઈકોર્ટે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની રાયબરેલીથી ચૂંટણીને રદ કરી દીધી હતી અને આગામી ૬ વર્ષ સુધી તેમના ચૂંટણી લડવા પર પ્રતિબંધ પણ મૂકી દીધો હતો. આ પછી ઈન્દિરા ગાંધીના રાજીનામાની માંગ શરૂ થઈ ગઈ અને દેશમાં જગ્યા-જગ્યાએ આંદોલનો થવા લાગ્યા. સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો. આ પછી કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી. રાજકીય પક્ષો આને અલોકતાંત્રિક નિર્ણય ગણાવતા ઈન્દિરા સરકાર અને કોંગ્રેસને ઘેરતા રહ્યા. જે પરિસ્થિતિઓમાં કટોકટી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે રીતે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આની જાણકારી આપી, તે અંગે સવાલો ઉઠ્યા. ઈન્દિરા સરકારના નિર્ણયને સરમુખત્યારશાહી ગણાવતા વિવિધ સંગઠનો વિરોધમાં ઉતરી આવ્યા અને ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો.

### કોંગ્રેસ અને મમતા બનર્જીની પ્રતિક્રિયા

# સમાચારમાં ચમકવાનો નુસખો, બાકી રોજેરોજ થઈ રહી છે સંવિધાનની હત્યા

## ૪ જૂન, ૨૦૨૪ ભારતના લોકો માટે ઈતિહાસમાં મોદી લિબરેશન ડે તરીકે ઓળખાશે : કોંગ્રેસ નેતા જયરામ રમેશ

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્ર સરકારે દેશમાં દર વર્ષે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, આ દિવસે ૧૯૭૫માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં ઈમરજન્સી લાગુ કરવામાં આવી હતી. હવે સરકારના નિર્ણય પર કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી સહિત ઘણા લોકોની પ્રતિક્રિયા પણ સામે આવી છે.દર વર્ષે ૨૫ જૂને 'કોન્સ્ટિટ્યુશન કિલિંગ ડે' મનાવવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આ નિર્ણયને લઈને કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન ફરી એકવાર દંભથી ભરેલી હેડલાઈન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ એ જ વડાપ્રધાન છે જેમના માટે લોકશાહીનો અર્થ માત્ર ડેમો-ચેર છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા વધુમાં કહ્યું કે, ૪ જૂન, ૨૦૨૪ ભારતના લોકો માટે ઈતિહાસમાં મોદી લિબરેશન ડે તરીકે ઓળખાશે. ૨૦૨૪ માં નિર્ણાયક વ્યક્તિગત, રાજકીય અને નૈતિક હાર સહન કરતા પહેલા તેમણે દસ વર્ષ માટે અઘોષિત કટોકટી લાદી હતી. આ એ જ પીએમ છે જેણે ભારતના બંધારણ અને તેના સિદ્ધાંતો, મૂલ્યો અને સંસ્થાઓ પર વ્યવસ્થિત રીતે હુમલો કર્યો હતો. આ એ જ લોકો છે જેમના વૈચારિક પરિવારે નવેમ્બર ૧૯૪૯માં ભારતના બંધારણને મનુસ્મૃતિથી પ્રેરિત ન હોવાના આધારે ફગાવી દીધું હતું.કેન્દ્રની મોદી સરકારે ૨૫ જૂને 'સંવિધાન હત્યા દિવસ' મનાવવાની જાહેરાત કરી છે. આ સાથે જોડાયેલા એક સવાલ પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે દેશમાં સૌથી વધુ ઈમરજન્સી મોદી સરકારના શાસનમાં અનુભવાઈ રહી છે. આ સરકાર જે ફોજદારી કાયદો લાવી છે તે બિલકુલ સમજી શકાય તેમ નથી. આપણે પણ તેને સમજી શકતા નથી. કોઈ એફઆઈઆર કેવી રીતે નોંધાવશે?

### જામીન મળ્યા છતાં જેલમાંથી બહાર આવી શકશે નહીં

# કેજરીવાલને મોટી રાહત : સુપ્રીમ કોર્ટે આપ્યા વચગાળાના જામીન

## ED કેસમાં જામીન મળી ગયા છે પરંતુ હાલમાં તે CBI કસ્ટડીમાં છે એટલે કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે

નવી દિલ્હી, તા.૧૨

લિકર પોલીસી કેસમાં જેલમાં કેદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને લઈને એક મોટા સમાચાર સામે આવ્યાં છે. સુપ્રીમ કોર્ટે તેમની અરજી પર સુનાવણી કરતાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને વચગાળાના જામીન આપી દીધા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં સુધી મોટી બેન્ચ આ મામલે સુનાવણી કરશે ત્યાં સુધી તેમના જામીન ચાલુ રહેશે. જો કે કેજરીવાલને જામીન મળી ગયા હોવા છતાં તેઓ હાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. કેમકે દિલ્હી સીએમને ED કેસમાં જામીન મળી ગયા છે. પરંતુ હાલમાં તે CBI કસ્ટડીમાં છે એટલે કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે.

કેજરીવાલને વચગાળાના જામીન આપતાં કોર્ટે કહ્યું કે 'ધરપકડ માત્ર પૂછપરછથી થઈ શકે નહીં.' તો કેજરીવાલના વકીલ વિવેક જૈને કહ્યું કે 'દિલ્હી હાઈકોર્ટમાં સીબીઆઈ કેસની સુનાવણી ૧૮ જુલાઈએ થવાની છે. આ મામલે નિર્ણય આવ્યા બાદ જ ખબર પડશે કે કેજરીવાલ બહાર આવશે કે નહીં? જો કે કેજરીવાલ જેલમાંથી બહાર આવે તેવી શક્યતાઓ પ્રબળ છે. કેજરીવાલને વચગાળાના જામીન આપતા કોર્ટે કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી ૯૦ દિવસ કરતા વધુ સમયથી જેલમાં છે. અને તેઓ ચૂંટાયેલા નેતા છે. હવે તેઓ આ પદ પર રહેશે કે નહીં તેનો ફેંસલો કેજરીવાલ જ કરશે. અમે નિર્ણયમાં ચૂંટણી ફંડને લઈને પણ સવાલો ઉઠાવ્યા છે.

ઉલ્લેખનીય છેકે મની લોન્ડરિંગ એક્ટની કલમ 19 EDને અધિકાર આપે છે કે જો પુરાવાના આધારે એજન્સીને લાગે છે કે કોઈ વ્યક્તિ મની લોન્ડરિંગ માટે દોષિત છે, તો તે તેની ધરપકડ કરી શકે છે. આવી ધરપકડ માટે એજન્સીએ માત્ર આરોપીઓને કારણો આપવાના હોય છે.સુપ્રીમકોર્ટે કેજરીવાલના કેસ પર સુનાવણી હાથ ધરતાં કહ્યું હતું કે હવે આ મામલે ૩ જજોની બેન્ચ બનાવવામાં આવશે જે કેજરીવાલના કેસ પર સુનાવણી કરશે. આ સાથે એ પણ જણાવાયું કે સુપ્રીમકોર્ટના આ ત્રણ જજોના નામ ખુદ સીજેઆઈ કરશે.

# લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલ પરણિત ન હોવાથી તે પુરુષ 'પતિ' શબ્દના દાયરામાં નહીં આવે

કોચી,તા.૧૨

કેરળ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપને લઈને મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. કેરળ હાઈકોર્ટે તાજેતરના એક નિર્ણયમાં જણાવ્યું હતું કે, લિવ-ઈન રિલેશનશિપના કિસ્સામાં કોઈ મહિલા વિરુદ્ધ પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા ક્રૂરતાની સજાની જોગવાઈ લાગુ પડતી નથી. હાઈકોર્ટે કહ્યું કે, ભારતીય દંડ સંહિતાની કલમ 498A હેઠળ પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા મહિલા સાથે ક્રૂરતા કરવામાં આવે તો તેના પર સજાની જોગવાઈ કરવામાં આવી છે.

કોર્ટે વધુમાં કહ્યું કે, લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલ પરણિત ન હોવાથી તે પુરુષ 'પતિ' શબ્દના દાયરામાં નહીં આવે.ચુકાદો આપતા, જસ્ટિસ એ બદરુદ્દીને ૮મી જુલાઈના રોજના તેમના આદેશમાં જણાવ્યું હતું કે, "આ રીતે, લગ્ન એ એક તત્વ છે જે સ્ત્રીના જીવનસાથીને તેના પતિના દરજ્જા સુધી પહોંચાડે છે. કાયદાની નજરમાં લગ્ન એટલે લગ્ન. આમ, કાયદેસર લગ્ન વિના, જો કોઈ પુરુષ સ્ત્રીનો જીવનસાથી બને છે, તો ત IPCની કલમ ૪૯૮છના હેતુ માટે 'પતિ' શબ્દના દાયરામાં આવશે નહીં."હકીકતમાં, આ આદેશ એક વ્યક્તિની અરજી પર કરવામાં આવ્યો હતો, જેમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮A હેઠળ તેની વિરુદ્ધ શરૂ કરવામાં આવેલી કાર્યવાહીને રદ કરવાની વિનંતી કરવામાં આવી હતી. તેમની સામેના કેસને રદ કરવાની માંગ કરતા, વ્યક્તિએ દલીલ કરી હતી કે, તે ફરિયાદી મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતો અને તેમની વચ્ચે કોઈ કાનૂની લગ્ન થયાં નથી. તેથી, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮છ હેઠળ ગુનો બનતો નથી. હાઈકોર્ટે અરજદાર સાથે સંમત થઈ અને કહ્યું કે, તેણે મહિલા સાથે લગ્ન કર્યા ન હોવાથી, તે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮Aમાં આપવામાં આવેલી 'પતિ'ની વ્યાખ્યાના દાયરામાં નહીં આવે.

### શાકભાજી-કઠોળના ભાવ આસમાને પહોંચ્યા

# રિટેલ મોંઘવારી જૂનમાં ચાર માસની ટોચે પહોંચી ગઈ

## જૂનમાં ખાદ્ય ચીજોના ભાવ આસમાને પહોંચતાં રિટેલ ફુગાવો ૫.૦૮ ટકા નોંધાયો જે મેમાં ૪.૭૫ ટકા હતો

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં રિટેલ મોંઘવારીનો દર જૂનમાં ચાર માસની ટોચે પહોંચ્યો છે. જૂનમાં ખાદ્ય ચીજોના ભાવ આસમાને પહોંચતાં રિટેલ ફુગાવો ૫.૦૮ ટકા નોંધાયો છે. જે મેમાં ૪.૭૫ ટકા હતો. ઉલ્લેખનીય છે, ગત મહિને રિટેલ મોંઘવારી ૧૨ માસના તળિયે હતી. જે જૂનમાં અચાનક વધી છે.

શાકભાજી અને કઠોળના ભાવમાં ૭૦ ટકા સુધી ઉછાળાના કારણે ખાદ્ય ચીજોનો ફુગાવો જૂનમાં વધી ૯.૪ ટકા નોંધાયો છે. જે મેમાં ૮.૭ ટકા હતો. ખાદ્ય ચીજોનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ મેમાં ૧.૩૩ ટકા સામે વધી જૂનમાં ૩.૧૭ ટકા થયો છે.

ઉનાળામાં આકરી ગરમી તેમજ વાવાઝોડાની સ્થિતિમાં કમોસમી વરસાદની સ્થિતિમાં પાક ઉત્પાદન ઘટ્યા હતા. પરિણામે જૂનમાં શાકભાજી અને કઠોળ સહિત ખાદ્ય ચીજોના ભાવ અનેકગણા વધ્યા હતા. શાકભાજીનો મોંઘવારી દર ૨૯.૩ ટકા અને કઠોળમાં ફુગાવો ૧૬.૧ ટકા નોંધાયો હતો. કઠોળમાં મોંઘવારી સતત ૧૩ મહિનાથી ડબલ ડિજિટમાં નોંધાઈ રહી છે, જ્યારે શાકભાજીમાં ફુગાવો છેલ્લા આઠ મહિનાથી ડબલ ડિજિટમાં જોવા મળ્યો છે.ફુગાવાના ઉંચા દર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો જાળવી રાખે તેવો સંકેત આપી રહ્યા છે.આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે થોડા દિવસ પહેલાં જ વ્યાજદરો જાળવી રાખવાનો સંકેત આપ્યો હતો. આરબીઆઈએ જૂનમાં સતત આઠમી વખત રેપો રેટ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો હતો. આગામી મોનેટરી પોલિસીની બેઠક ૬ અને ૮ ઓગસ્ટે યોજાશે.

# સાવરકુંડલા : સગર સમાજ દ્વારા સંત પૂ.દાસારામ બાપાની ૩૭૫મી પૂણ્યતિથિ મહોત્સવની ઉજવણી



સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલા ખાતે અષાડી બીજ નિમિતે સાગર સમાજનાં સંત પૂજય દાસારામ બાપાએ જળ સમાધિ લીધી હતી. પૂજય દાસારામ બાપાની ૩૭૫મી પૂણ્યતિથિ નિમિતે સાવરકુંડલા ઝીંઝુડા ગેઈટ ખાતે આવેલ રામદેવપીર મંદિર ખાતેથી વિશાળ શોભાયાત્રા શહેરના મુખ્યમાર્ગો પર નીકળી હતી. ઝીંઝુડા ગેઈટ ખાતે આવેલ દાસારામ બાપાના મંદિરેથી પ્રસ્થાન કરી, આડી શેરી, પારેવાઘર, શિવાજીનગર, દાસારામ મંદિર, સગરજ્ઞાતિ વાડી, રેલવે ફાટક, સાવર વિભાગ સ્મશાન, સાવરવિભાગરામજીમંદિર વગેરે માર્ગો પર શણગારથ, ટ્રેકટરો, ઘોડા, ધ્વજા, ડી.જે. સાથે નીકળી હતી. આ તકે દાસારામ બાપાનું પુજન, અર્ચન, મહાઆરતી, સંતવાણી, સમૂહ જ્ઞાતિ ભોજન વગેરે કાર્યક્રમોની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવમાંઆવીહતી. તથા સગર સમાજના ભાઈઓ અને બહેનો અને ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિતી રહ્યા હતા.

### સમગ્ર પંથકનાં સેવકોમાં ઉત્સાહનો માહોલ

# બગસરા ખાતે આપાગીગા મંદિરના કોઠારી પૂ. હરિબાપુનાં જન્મદિનની ઉજવણી

## ભોજન પ્રસાદ સહિતનાં કાર્યક્રમોનું આયોજન

બગસરા, તા. ૧૨



અહીંના સુપ્રસિધ્ધ આપાગીગા ગાદી મંદિર મહંત જેરામબાપુના સાનિધ્યમાં આ મંદિરની સેવામાં સતત જહેમત ઉઠાવી રહેલ કોઠારી હરિબાપુના જન્મ દિવસ નિમિતે ધાર્મિક પ્રસંગોની ઉજવણી તેમજ સામાજીક કાર્યક્રમો જેવા કે બંને સમયનું ભોજન તે પણ કોય પણ પ્રકારના જ્ઞાતિ જાતિના ભેદભાવ કર્યા વિના એક બેઠકે આપવામાં આવે છે તેમજ હાલમાં નવ નિર્માણ પામી રહેલ ભવ્ય મંદિરમાં જેરામબાપુના સંકલ્પને સિદ્ધ કરી સતત સેવામાં જહેમત ઊઠાવી રહેલ આ મંદિરના કોઠારી હરિબાપુનો ૫૮ વર્ષમાં મંગલ પ્રવેશ કરશે આ તમે આશિર્વાદ આપી દીર્ધાયુ માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરેલ છે.

# ભાવનગર, ધોળા, ઢસા, મહુવા સેકશનમાં ચાલતી ટ્રેનોના સમયમાં આંશિક ફેરફાર

અમરેલી, તા. ૧૨

વન વિભાગ દ્વારા તાજેતરમાં લાગુ કરવામાં આવેલા ગતિ પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ ભાવનગર રેલવે ડિવિઝનના ભાવનગ, ધોળા, ઢસા, રાજુલા, મહુવા સેક્શનમાં ચાલતી ટ્રેનોની ગતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે આ સેક્શનમાં ચાલતી ટ્રેનોનો સમયમાં આંશિક ફેરફાર થયેલ છે. ભાવનગર ડિવિઝનના સીનીયર ડીસીએમ માશૂક અમદના જણાવ્યા મુજબ ટ્રેન નં. ૨૨૯૮૯ બાંદ્રા-મહુવા સુપરફાસ્ટ ટ્રેનનો ૧૭ જુલાઈ થી આગળના આદેશ સુધી, સાવરકુંડલા સ્ટેશન પર આવવાનો સમય ૫.૨૩ કલાકના બદલે ૫.૪૨ કલાકનો રહેશે, તેવી જ રીતે સાવરકુંડલાથી મહુવા સુધીના તમામ સ્ટેશનોના સમયમાં ફેરફાર કરવામાં આવશે.ટ્રેન નં. ૨૨૯૯૦ મહુવા-બાંદ્ર સુપરફાસ્ટ ટ્રેન ૧૮મી જુલાઈથી આગળના આદેશ સુધી મહુવા સ્ટેશનથી ૧૯.૧૫ કલાકને બદલે ૧૮.૧૫ કલાકે ઉપડશે એટલે કે આ ટ્રેન મહુવા સ્ટેશનથી ૧ કલાક વહેલા ઉપડશે અને આગળના સ્ટેશનો પર પણ ઢસા સ્ટેશન સુધી સમયમાં ફેરફાર થશે.ટ્રેન નંબર ૦૯૫૮૩ ધોલા-મહુવા એક્સપ્રેસ ટ્રેન ૧૬ જુલાઈ થી આગળના આદેશ સુધી ધોબ્રા જંકશન સ્ટેશનથી ૧૭.૫૦ કલાકને બદલે ૧૫.૧૦ કલાકે ઉપડશે અને તેવી જ રીતે મહુવા સ્ટેશને ૨૧.૩૦ કલાકને બદલે ૧૯,૪૫ કલાકે પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૮૪ મહુવા-ધોળબ એક્સપ્રેસ ટ્રેન ૧૭ જુલાઈ થી આગળના આદેશ સુધી મહુવા સ્ટેશનથી ૭.૫૦ કલાકને બદલે ૬.૧૦ ધોલા જંકશન સ્ટેશને ૧૧.૧૫ કલાકને બદલે ૧૦.૧૦ કલાકે પહોંચશે.

કલાકે ઉપડશે અને તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોલા એક્સપ્રેસ ટ્રેન ૧૬ જુલાઈથી આગળના આદેશ સુધી ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ૧૬ કલાકને બદલે ૧૩.૧૦ કલાકે ઉપડશે અને તેથી ધોલા જંકશન સ્ટેશને ૧૭ કલાકને બદલે ૧૪.૧૫ કલાકે પહોંચશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

### કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ની મદદથી

# અમરેલીનાં મણિનગરથી બિનાકા ચોક વચ્ચે પડી ગયેલ નાણા મુળ માલિકને પરત મળ્યા

## પોલીસની ૩જી આંખે નાણાનો પતો મેળવી લીધો

અમરેલી, તા. ૧૨



અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિંમકર સિંહની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) એ. જી. ગોહીલ તથા નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલીના ઈન્ચાર્જ પી.એસ.આઈ.જે.એમ. કડછાના માર્ગદર્શન મુજબ કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪ ×૭ કલાક સર્વેલતન્સની કામગીરી કરવામાં આવે છે. અમરેલી શહેરના રહેવાસી સાજીદભાઈ રજાકભાઈ મોર દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ સાથે અત્રે "નેત્રમ 'કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી ખાતે આવી જણાવેલ કે, તેઓ તા.૧૦ ના રોજ સાંજના આઠેક વાગ્યાની આસપાસ મણીનગરથી બિનાકા ચોક તરફ જતા હતા તે દરમ્યાન તેઓના પેન્ટના ખીચ્ચામાં રહેલ રોકડ રૂપિયા ૧૫,૦૦૦ રસ્તામાં પડી ગયેલ હોય, જે અંગે તેઓ દ્વારા શોધખોળ કરતા રોકડ રૂપિયા પરત મળેલ ન હોય, સ્થળ ની આજુબાજુ તપાસ કરતા જાણવા મળેલ કે, એક ગ્રે કલરની ગાડીમાં એક અજાણ્યા ઈસમને આ પડેલ રોકડ રૂપિયા મળેલ હોય, જે અંગે અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ના સ્ટાફ દ્વારા બિનાકાચોક, કાશમીરાચોક, ટાવરચોક તથા ફુલારાચોક પાસેના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરતા જણાવેલ શંકાસ્પદ ઈસમ જોવા મળતા તેને ટ્રેસ કરતા તે અજાણ્યો ઈસમ છેલ્લે ફુલારાચોક પાસે આવેલ ઘાંચીવાડ તરફ જતો જોવા મળેલ હોય, જે અંગે પોલીસ દ્વારા પુછપરછ કરતા જણાવેલ શંકાસ્પદ ઈસમ મળી આવેલ હોય અને તેને તારવાડી સોસાયટી પાસે રસ્તામાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦૦ પડેલા મળેલ હોવાનું જણાવેલ હોય, જે અંગે ખાત્રી કરી સાજીદભાઈ રજાકભાઈ મોરને તેઓના રોકડા રૂપિયા ૧૫,૦૦૦ પરત સોંપી આપેલ છે.

### કુટુંબી કલહનાં કારણે પરેશાન હોય

# ધારીનાં ઈંગોરાળા (ડુંગરી) ગામે મહિલાએ ફિનાઈલ પી લીધી

## મહિલાને સારવારમાં ખસેડાઈ

અમરેલી, તા. ૧૨

મુળ ચલાલાના વતની અને હાલ ધારી તાલુકા ઈંગોરાળા (ડુંગળી) ગામે રહેતા નિરૂબેન કિરણભાઈ દાફડાના પતિ કિરણભાઈ કેશુભાઈ દાફડાને દારૂ પીવાની ટેવ હોય. જેને દારૂ પીવાની ટેવ છોડાવવાની (દારૂ મુકવાની) વાત કરતા તેણી અવાર-નવાર ઝઘડો કરીને માથાકુટ કરતા હોય અને દારૂ નહી મુકી અવાર-નવાર હેરાન-પરેશાન કરી દુઃખ ત્રાસ આપતા હોય. જેથી તેના કારણે બા-બાપુજીના ઘરે રીસામણે હોય અને ઓસીયાળુ જીવન જીવતા હોય. ગત તા.૧૦ના સાંજના આશરે સાડા છ વાગ્યે તેણીને ફોન કરીને ગાળો આપી, તેણીના બાપુજી તથા ભાઈ તેણીના પતિને સમજાવવા જતા પોતે ઝેરી દવા પી જઈ મરી જઈશ તેવી ગર્ભિત ધમકી આપી તેમજ તા.૧૧ ના સવારના આશરે સાડા દસેક વાગ્યે તેણીને ફોન કરીને ગાળો આપી, તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપી દારૂ બાબતે ઝઘડો કરી, માથાકુટ કરી, શારીરિક, માનસિક દુઃખ ત્રાસ આપતા હોય. જેથી તેણીને લાગી આવતા ફીનાઈલના બે ઘુટડા પી જઈ જતા તેણીને સારવારમાં ખસેડાયેલ છે.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
અમરેલી જીલ્લાની સગર્ભા બહેનોના હિતમાં નિર્ણય લઈ ફ્રી સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે


હવે ગાયનેક વિભાગ દ્વારા ફ્રી સોનોગ્રાફી ઉપલબ્ધ
કેસ ફી માત્ર ₹50
247 Emergency Services
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત, ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦


## નદીઓ ગાંડીતુર તો ચેકડેમ, જળાશયો છલોછલ થવા ભણી

# બાબરા પંથકમાં મેઘરાજાની ભારે જમાવટ : ૧ થી ૩ ઈંચ વરસાદ

**રાણપર, નડાળા, ઈસાપર સહિતનાં ગામોમાં ઉપરવાસમાં થયેલ વરસાદથી પાણીની ભરપૂર આવક**

**થોરખાણ ગામની સરજુ નદીમાં ઘોડાપુર આવતાં સૌ કોઈમાં ખૂશીનો માહોલ**

**જામબરવાળા, ઈશ્વરીયા, કીડી, દરેડમાં પણ ધોધમાર વરસાદ**

**બાબરા શહેરમાં દોઢ ઈંચ વરસાદ પડી જતાં બજારોમાં પાણી ચાલતું થયું**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા પંથકમાં મેઘરાજાએ વિરામ લીધા બાદ ફરી જમાવટ કરતા બાબરા શહેર સહિત તાલુકાના મોટાભાગના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડી જતા ગામની સ્થાનિક નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું અને વાડી ખેતરોમાં પાણી વહી જતા વોકલા અને ઓગન પણ વહેતા થયા હતા જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

બાબરા સહિત તાલુકામાં મેઘરાજાએ લાંબો વિરામ લેતા ખેડૂતોએ વાડી ખેતરમાં નિંદામણ, દવા છંટકાવ સહિત અન્ય ખેતી કામ વરાપ નીકળતા સમેટી લીધું હતું અને ફરી વરસાદની રાહ જોવાતી હતીઉ પણ ધીમી ધારે પડતા વરસાદના કારણે ખેડૂતોમાં નિરાશા વ્યાપી હતીઉ ત્યારે આજે બપોર બાદ મેઘરાજા મન મુકીને ગ્રામ્ય વિસ્તારોમાં વરસતા તાલુકાનાં થોરખાણ ગામે સારો વરસાદ પડી જતા ગામની સ્થાનિક સરજુ નદીમાં ઘોડાપુર આવ્યું હતું તેમજ ઈરીયા, ખાખરીયા, ચરખા ઉંટવડ, ચમારડી, દરેડ, રાણપર, જામ બરવાળા, કીડી, નડાળા સહિતના તાલુકાના મોટાભાગના ગામડામાં ત્રણથી ચાર ઈંચ વરસાદ પડી જતા ગામની નદીમાં ઘોડાપુર આવ્યું હતું. જોકે બાબરામાં દોઢ ઈંચ જેટલો વરસાદ પડતાં શહેરની બઝારોમાં પાણી વહેવાલાગ્યું હતું.

## ગીર (પુર્વ) વન વિભાગની ધારી તાબાના

# જસાધાર રાઉન્ડની ધોકડવા બીટના ભાચા ગામે માદા દીપડો કુવામાં પડયો

**સદ્‌નસીબને માદા દીપડાનો આબાદ બચાવ**



અમરેલી, તા. ૧૨

ગીર (પુર્વ) વન વિભાગ ધારી હેઠળની જસાધાર રેન્જના કાર્યક્ષેત્ર હેઠળની જસાધાર રાઉન્ડની ધોકડવા બીટના કાર્યક્ષેત્રના ઉના તાલુકાના ભાચા ગામે આવેલ દાનાભાઈ બીજલભાઈ વંશની વાડીના કુવામાં દિપડી માદા–૧ પડેલ હોવાની તા. ૧૨ના વ્હેલી સવારના ૬ કલાકે વન વિભાગના સ્ટાફને જાણ થતા નાયબ વન સંરક્ષક ધારીના રાજદિપ સિંહ ઝાલા તથા મદદનિશ વન સંરક્ષક ઉનાના એમ.આર.ઓડેદરાના સીધા માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાધારના એલ.બી.ભરવાડ તથા જસાધાર રાઉન્ડના સ્થાનિક સ્ટાફ તથા ટ્રેકર્સ ટીમ સાથે તાત્કાલીક સ્થળ પર પહોંચી સ્થળ ચકાસણી કરતા આકસ્મીક વન્યજીવ દિપડી માદા–૧ કુવામાં પડેલ હોવાનું ધ્યાને આવતા એક પળનો પણ વિલંબ કર્યા કુવામાં પાંજરૂ ઉતારી દિપડીને જીવંત સલામત રીતે કુવામાંથી બહાર કાઢેલ અને હાલ આ દિપડી માદા–૧ ને જસાધાર ખાતેના વન્ય પ્રાણી સારવાર કેન્દ્ર ખાતે ઓબર્ઝવેશન માટે ખસેડવામાં આવેલ છે.

## સતત વરસાદથી મુરઝાતી મોલાત ડોલવા લાગી

# અમરેલીમાં પોણો, વડિયામાં સવા, લીલીયા, ધારીમાં એક એક ઈંચ વરસાદ

**બાબરા, સાવરકુંડલા, ખાંભા, રાજુલામાં પણ વરસાદ**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં આજે પણ તમામ તાલુકા મથકો ઉપર વરસાદ પડયો હતો. વાવણી કાર્ય પૂર્ણ થયા બાદ સતત વરસાદરૂપી મેઘરાજાનાં હેતથી જગતાત ખૂશખૂશાલ જોવા મળી રહ્યો છે. કપાસ, કઠોળ, મગફળીનાં પાકમાં ધીમીધારે પડેલ વરસાદનાં કારણે મોટો ફાયદો થવા પામેલ છે. અમરેલીમાં આજે સવારે ૧૦ વાગ્યાથી બપોરનાં ૪ વાગ્યા સુધી ઝાંપટા સ્વરૂપે પડેલ વરસાદનાં કારણે શહેરનાં રાજમાર્ગો ઉપર પાણી વહેતા થયા હતા.

આજે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૮ વાગ્ય સુધીમાં અમરેલીમાં ૧૮ મી.મી., વડિયામાં ૩૧ મી.મી., બાબરામાં ૩૨ મી.મી., લાઠીમાં ૨ મી.મી., લીલીયામાં ૨૩ મી.મી., બગસરામાં ૩ મી.મી., ધારીમાં ૨૭ મી.મી., સાવરકુંડલામાં ૧૭ મી.મી., ખાંભામાં ૮ મી.મી., રાજુલામાં ૧૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.



હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


## પ્રદેશ પ્રમુખ, મહામંત્રી સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં બાળ હનુમાન મંદિર ખાતે આજે આમ આદમી પાર્ટીની બેઠક સવારે ૧૦ કલાકે યોજાશે

**સમગ્ર જિલ્લાનાં બુથ મેનેજમેન્ટ અંગે ચર્ચા વિચારણા કરશે**




અમદાવા, તા. ૧૨

આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ ૫૫૦૦૦ બુથના બુથ નિર્માણ વિશે મહત્વપૂર્ણ નિર્ણય લેવાશે અને આગામી રણનીતિ બનાવવામાં આવશે અમદાવાદ, ભાવનગર, અમરેલી, ગુજરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન દ્વારા હાલ મિશન વિસ્તાર કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ ગુજરાતના તમામ ૩૩ જિલ્લા અને આઠ મહાનગરપાલિકાઓની મુલાકાત લેશે અને ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથના બુથ નિર્માણ વિશે મહત્વપૂર્ણ નિર્ણય લેશે અને આગામી રણનીતિ બનાવશે. આ કાર્યક્રમ અંતર્ગત આવતીકાલે ૧૩ જુલાઈના રોજ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાનભાઈ ગઢવી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલભાઈ ઈટાલીયા અને

અનુસંધાન પાના ૬ ઉપર


Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૪૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,590/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal
We are HIRING!
REPORTING MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
SALES & MARKETING OFFICER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)